Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 21 - Issue : 2

November, 2016



## અંધાધૂંધી આવવાની છે.

હું કાંઈ જ્યોતિષી નથી, પણ તમે રોજનાં છાપાં વાંચો તો જણાશે કે રાજ્ય ચલાવવાની શક્તિ - ઍડ્‌મિનિસ્ટ્રેશન ઉપરની સરકારની પક્કડ ઢીલી થતી જાય છે. એવું થાય ત્યારે પ્રજાના શા હાલ થાય ? અંધાધૂંધી ફેલાવાની છે. આપણી કોઈ સલામતી રહેવાની નથી. મને એનું દર્શન છે એમ કહું તો ચાલે.
એવા સમયે આપણો સહારો એક ભગવાન છે.

- શ્રીમોટા

'શ્રીમોટાવાણી-૩', પ્ર. આ., પૃ. ૩૫



## પ્રાણાયામ : સહેલો પણ અઘરો માર્ગ

પ્રકૃતિ એટલે દ્વંદ્વ અને ગુણ. પ્રકૃતિ કામ, ક્રોધ, લોભ, મોહ, અહમ્ આદિમાં રાચતી હોય છે. પ્રાણાયામની એક યોગ પદ્ધતિ દ્વારા પ્રકૃતિને વશ કરી શકાય છે, એનું ઊર્ધ્વગમન કરી શકાય. કાળ ટૂંકાવી શકાય.
મારી પોતાની એવી સમજણ છે કે એક સામાન્ય અર્થમાં પ્રણાયામ કરવો હોય તો ભલે કરો, પણ સાંસારિક સુખ ભોગવનાર યોગ પદ્ધતિથી પ્રાણાયામ નહિ કરી શકે. એના ફેફસાંની એવી ક્ષમતા નથી.

- શ્રીમોટા

'શ્રીમોટાવાણી-૮', પ્ર. આ., પૃ. ૨૪

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૧ અંક : ૨ નવેમ્બર, ૨૦૧૬

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
Mo. / SMS / Whatsapp - 9427554391

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. 'મોટો' તો સમાજનો નોકર - મુનીમ છે .......... શ્રીમોટા ૪
૨. 'નામસ્મરણ' તો પ્રથમ પગથિયું છે .............. શ્રીમોટા ૫
૩. ત્રણ દિવસ સુધી મારા નિષ્પ્રાણ શરીરની રક્ષા કરજે :
શ્રી સાંઈ ........................... રઘુનાથ જુન્નરકર ૬
૪. સત્પુરુષનું કાર્ય ....................... શ્રીઉપાસની બાબા ૯
૫. ઈશાવાસ્યબોધ ........................... વિનોબાજી ૧૦
૬. આપણે પ્રકૃતિના દાસ છીએ, અનુભવી માટે
એ માધ્યમ છે ................................ શ્રીમોટા ૧૨
૭. બિંબ-પ્રતિબિંબ ......................... શ્રીદાસાનુદાસ ૧૩
૮. શ્રીસદ્‌ગુરુ-મનુષ્યરૂપમાં પરમાત્મા ....... દરિયાલાલ કપૂર ૧૫
૯. બહેતર છે કે અમારો સાથ છોડી દો .............. શ્રીમોટા ૧૭
૧૦. વાણીનો વ્યય, અપવ્યય અને દુર્વ્યય ....... દાદા ભગવાન ૨૦
૧૧. આપણે લક્ષ્મીને સાચવીએ છીએ, પણ 'જીવન'ને
વેડફીએ છીએ ............................... શ્રીમોટા ૨૩
૧૨. શ્રીશંકરાચાર્યનાં માતાના અગ્નિ સંસ્કાર ..... જ્યોતિ થાનકી ૨૪
૧૩. આપણને ભગવાનની સભાનતા રહેતી નથી ...... શ્રીમોટા ૨૬

## જ્ઞાનદાન

**પૂજ્ય શ્રીમોટાનાં બે સ્વજનોએ 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં અમોને સહયોગ આપ્યો છે, તે બદલ આ બન્ને પરિવારના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

**(૧) શ્રીમતી લતાબહેન નરેન્દ્રભાઈ પટેલ**

**તથા**

**(૨) રમેશભાઈ એમ. તમાકુવાળા**

**-સંપાદક**

# (૧) 'મોટો' તો સમાજનો નોકર-મુનીમ છે

શ્રીમોટા

શ્રીપ્રભુકૃપાથી આ જીવને એવાં અભ્યાસ, ટેવ ને સમજણ છે કે જે કંઈ કરવાનું દિલ થાય તેને બની શકે એટલી ત્વરાથી આટોપી લેવાય તે ઉત્તમ, કારણ કે મૃત્યુની નિશ્ચિતતા તો નથી જ. તેથી મૃત્યુના વિચારથી નહિ, પણ તે તો છે જ, તેથી જે સંકલ્પ હોય તે શ્રીપ્રભુકૃપાથી જેટલો સવેળા સ્વસ્થતાપૂર્વક, શાંતિ અને ભાવથી પૂરો થઈ જાય તે ઉત્તમોત્તમ.

વળી, મને એમ પણ છે કે હવે આ શરીરને ઘણા રોગ છે, ને તે ખવાતું જાય છે. તે હાલ વેદના ગ્રસ્ત તો છે જ, પરંતુ હવે તેની વેદનાનો હુમલો સહન કરવાની શરીરની પણ મર્યાદા છે. શરીર ઉંમરને કારણે ઘરડું થતું જાય છે ને તેથી તેની સહન કરવાની તાકાત ઘટે તે સ્વાભાવિક છે. તે ઉપરાંત, હવે આ શરીરને થાક પણ લાગે છે, જે પહેલાં મુદ્દલે લાગતો જ ન હતો. આ ઉપરાંત, આમેય શરીરનો ભરોસો ન ગણાય. તેથી પણ જેટલું જલદી આટોપાય તેટલું ઉત્તમ.

આ કારણથી પણ મને થયું કે જેટલાં પ્રકાશન જે કંઈ થવાનાં છે, તે જેટલાં વહેલાં શ્રીપ્રભુકૃપાથી થઈ જાય તો ઉત્તમ. બાકી, મને પોતાને તો જીવવાની કે મરવાની તે બેમાંથી એક પણ મરજી નથી. બન્ને આવકાર્ય અને સ્વીકાર્ય છે.

છેટવે એક જ પ્રાર્થના મળેલાં સ્વજનોએ જે પ્રેમથી સાથ આપ્યો છે, તે હવે જરા વધારે પ્રેમથી, ભાવથી, ઉત્સાહથી ને દિલના ઉમંગથી, રસથી, જીવતોજાગતો સાથ મને આપે અને મારાં કર્મને બિરદાવે ને જલદી સ્વસ્થતાથી નિપેટાય, તેમ થવા દેવામાં પોતે પોતાની શક્તિ પ્રેરાવે.

સમાજમાં જે કામ લીધેલાં છે, કે હવે પછી જે થશે કે જે પહેલાં થયેલાં છે, તેમાં 'મોટા'ની કશી જ વિશેષતા નથી. **'મોટો' તો સમાજનો નોકર છે, ને બહુ તો તે મુનીમ છે.** 'મોટા'ના વખાણ થાય તે યથાયોગ્ય નથી. તેને તે લાયક પણ નથી. લાયક તો એકમાત્ર શ્રીભગવાન પોતે જ છે.

શ્રદ્ધા પરનું લખાણ તો જોડકણું છે. એને કાવ્ય ગણતો નથી, પણ તે સાથે મને એટલું સ્પષ્ટ લાગેલું છે કે શ્રીપ્રભુકૃપાથી શ્રદ્ધા-જિજ્ઞાસાના ભાવથી યુક્ત મનન-ચિંતવનની એકધારાથી સહજપણે જે પ્રકટ્યું છે, તે તો મારા ભગવાનની કૃપાપ્રસાદી છે, કારણ કે તે તો એકદમ એક જ ઝપાટે ને સપાટે સતત સ્ફુર્યા જ કરેલું છે.

શ્રદ્ધાભાવની નિષ્ઠાથી જો કર્મને યોગ્ય રીતે ફળાવવું હોય, તો તેવા કર્મને સંપૂર્ણપણે પ્રેમભક્તિભાવે, એકમાત્ર પોતાના જ વિકાસના હેતુની સભાનતાથી પ્રતિપળ જીવતીજાગતી ચેતનાત્મક તત્પરતા ને તાલાવેલી એનામાં લાગી પડેલાં જીવંતપણે વર્તાયેલાં, વર્તાતાં રહેતાં, પ્રત્યક્ષ કર્મનો વ્યવહારમાં અનુભવમાં વ્યક્ત થયાં કરેલાં જોઈશે જ. એવી જ્ઞાન-ભક્તિ-યોગની સંપૂર્ણ સ્વસ્થતા તેવી તાલાવેલીમાં દર્શન દેતી અનુભવાતી હોય છે, ને તે તેમ હોવાથી શ્રેયાર્થીને કંઈ કશા પરત્વે નકામી યદ્વાતદ્વાવાળી ઢીલ પોષાઈ શકાતી નથી. આ મારા જેવાના અનુભવાયેલા જીવનની પ્રત્યક્ષ હકીકત છે. તેથી હંમેશાં "પરોવાયેલા" દશામાં જ પ્રવર્તવું તે એના એવા કર્મવ્યવહારનું પ્રત્યક્ષ દર્શન છે.

'શ્રદ્ધા', પ્ર. આ., પૃ. ૧૩ ❑

## (૨) 'નામસ્મરણ' તો પ્રથમ પગથિયું છે

શ્રીમોટા

ભગવાનનું નામ લેવાથી એકદમ સ્વભાવ નહિ બદલાય. નામસ્મરણમાં સળંગતા પ્રગટે તો જ સાચું સ્મરણ થઈ શકે. એક જ જન્મમાં જે મુક્ત થઈ ગયા તે તો અપવાદ છે. બાકી, સામાન્ય માણસ માટે તો આ જન્મોજન્મનો યોગ છે.

નામસ્મરણનું પણ ગણિતશાસ્ત્ર છે. નામસ્મરણમાં સળંગતા પ્રગટે તો જ આપણી વૃત્તિઓ ધીમે ધીમે બદલાય. તેમ થયા પછી જ ધીમે ધીમે આપણા જીવનમાં શુદ્ધિ આવે. ગમે તેવાં દુઃખ પડે, ક્લેશ થાય તો ઈશ્વરનું નામસ્મરણ કરો. એમ કરવાથી દુઃખ શમે છે. મોટેથી નામસ્મરણ કરવાથી વિચારો ઘણા ઓછા આવે. મનમાં નામસ્મરણ કરવા માટે હજી મન તૈયાર થયું નથી. તેથી, મોટેથી બોલવું જોઈએ.હાલની આપણી જીવદશામાં તો મન સંકલ્પવિકલ્પ કર્યા કરે. તેથી, નામસ્મરણ મોટેથી કરવું, પણ એ રીતે કરતાં કરતાં નિર્મોહી બનવું. નિર્મળ મનની શુદ્ધિ પ્રાપ્ત કરવી. આમાં કોઈ ચમત્કાર નથી. ચમત્કારને મહત્ત્વ આપવાની જરૂર નથી. મૌનમાં બેસવાથી આપણે કેમ અનાસક્ત બનીએ એવી જાતની જાગૃતિ કેળવીએ એ જ મુખ્ય છે.

ભગવાનનું સ્મરણ કર્યા કરવાથી ભાવનાની એકાગ્રતા થાય. ભાવના સ્થિતિસ્થાપક નથી. એમાં ગતિ છે. ભાવના પ્રગટે ત્યારે એ માણસ ભોળો હોતો નથી. ભક્તો ભોળા હોતા નથી. એમની બુદ્ધિ સૂક્ષ્મ બને છે. મારી સાથે અનેક ક્ષેત્રના માણસો છે. વ્યવહાર કુશળતા પણ મારામાં છે. એટલે દરેકને માર્ગ બતાવી શકું છું. ભક્તિની અંદર પરોવાતાં બુદ્ધિ સંકુચિત થાય છે એવું નથી, પણ બુદ્ધિયોગ થાય છે. એની બુદ્ધિ વિશાળ બને છે. એ બધાંની સાથે હળીમળી શકતો હોય છે. એ જ સાચો ભક્ત છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવા માટેનું સાધન આ નામસ્મરણ છે.

ભગવાનનું નામ સતત લીધા કરીએ તો એમાંથી ગુણ અને શક્તિ બન્ને પ્રગટે છે. એમ જો થાય તો જોમ, ઉત્સાહ વગેરે મળે છે. સેવાનું કામ કરતાં કરતાં એમ લાગ્યું કે સેવા બીજા માટે નથી પણ એ મારે માટે જ હું કરતો હતો. એ બધાંની પાછળ રાગદ્વેષ દૂર કરી સૌ પ્રત્યે દિલમાં પ્રેમ પ્રગટાવવાનું જ કામ કર્યું છે. **પ્રેમનું પ્રથમ લક્ષણ તો ત્યાગ છે.** એ પ્રેમને લીધે કંઈ કરીએ તો આપણને સહજ લાગે છે.

સાધનાને માટે જો કોઈ ક્ષેત્ર જોઈએ તો એ કામ આ રીતે સેવા કરવાથી થઈ શકે. આપણે સૌ માટે સદ્ભાવ, પ્રેમ વગેરે કેળવીએ. બીજી રીતે કહીએ તો આપણામાં દુઃખ વધે, મનમાં ક્લેશ વધે એવું ન કરવું.

નામસ્મરણમાંથી સળંગતા પ્રગટે, એમાંથી નીરવતા પ્રગટે. ભાવનાથી ધારણા અતૂટપણે આપણામાં પ્રગટે ત્યારે જીવનનો પ્રવાહ બદલાઈ જાય છે. આવી ભાવના પ્રગટે તો જ આપણા કામ, ક્રોધ, મદ, લોભ, મોહ વગેરે આપણામાંથી નાશ પામે. આટલું કરવું એ તો ઘણું આગળનું છે, પણ હાલ તો નામસ્મરણ કરવું એ જ પ્રથમ પગલું છે.

'મૌનએકાંતની કેડીએ', પ્ર. આ., પૃ. ૭૧ ❑

## (૩) ત્રણ દિવસ સુધી મારા નિષ્પ્રાણ શરીરની રક્ષા કરજે : શ્રી સાંઈ

રઘુનાથ જુન્નરકર

શ્રીસાંઈબાબાના પરમ ભક્ત મહાળસાપતિ માટે એક કઠણ પરીક્ષાની ઘડી હતી. એક બાજુ બાબા બીમાર પડ્યા અને એ જ સમયે મહાળસાપતિના પુત્રની બીમારીની દશા છેક છેલ્લી ઘડીમાં આવી ગઈ હતી, તોપણ તેમણે મસ્જિદમાં બાબા સાથે સૂઈ રહેવાનો કાર્યક્રમ ચાલુ રાખ્યો હતો. પોતાનો સોનીનો ધંધો પણ છોડી દીધો હતો. રાતદિવસ બસ પોતાના સ્વામીની સેવામાં રત હતા. બાબાને થોડી ક્ષણો માટે પણ એકલા મૂકતા ન હતા. રાત્રે પણ લગભગ જાગતા જ રહેતા. ઉપરાંત, બાબાની સ્વસ્થતા માટે પોતાના કુળદેવતાને પ્રાર્થના કરતા. જ્યાં સુધી બાબા સાજા ન થાય ત્યાં સુધી ઉપવાસી રહેવાનો તેમણે સંકલ્પ પણ કર્યો હતો.

બાબાને શરૂઆતમાં ખાંસી થઈ હતી. પછી બાબાને ઝડપથી દમનો હુમલો થવા લાગ્યો. બાબાથી કષ્ટ સહન થતું ન હતું. પોતે કોઈ ઉપચાર કરવા દેતા નહિ. બાબા તો ડૉક્ટરોના પણ ડૉક્ટર છે. આ બીમારી બાબાની પોતાની હતી કે પોતાના કોઈ ભક્તની બીમારી પોતાના માથા ઉપર ઓઢી લીધી હતી એવું કોઈ નક્કી કરી શકતું ન હતું.

મહાળસાપતિએ બાબાનું દુઃખ પોતાના ઉપર લઈ લેવાનો વિચાર કર્યો, પણ તેમની ભક્તિ-ભાવનાથી પ્રભાવિત થઈ બાબા તેમને કહેવા લાગ્યા, ‘‘ભક્ત, આ પ્રકૃતિનો નિયમ છે. દરેક માણસે પોતાનાં દુઃખો ભોગવવાં જોઈએ. દુઃખોથી કોઈ દૂર ભાગી શકતું નથી. આ ઈશ્વરનું વચન છે.’’ તું મારા શરીરનું ત્રણ દિવસ સુધી રક્ષણ કરજે. આ અસહ્ય દુઃખ અને રોગથી મુક્તિ મેળવવા માટે હું મારો પ્રાણ બ્રહ્માંડમાં ચડાવી રહ્યો છું. મારું નિષ્પ્રાણ શરીર ફક્ત અહીં આગળ રહેશે. ત્રીજા દિવસના અંતે હું ફરીથી આ શરીરમાં પાછો આવી જઈશ. ત્યાં સુધી મારા શરીરનું રક્ષણ કરજે. આટલું કહી બાબા બેહોશ બની ગયા. તેમનું શરીર સ્થિર અને પ્રાણ વિનાનું બની ગયું.

બાબાનું શરીર જડવત્ અને નિષ્પ્રાણ હતું. છતાં તેમના શરીરમાં દિવ્ય તેજ જળહળી રહ્યું હતું. જીવંત શરીર જેવું. દમના રોગનો હુમલો - ઊથલો બંધ થઈ ગયો હતો. શ્વાસોશ્વાસ પણ બંધ પડી ગયા હતા. મૃત્યુ જેવા જ લક્ષણો પારખી મહાળસાપતિ પાગલ જેવાં થઈ ગયા. ઉજાગરા અને ઉપવાસના કારણે તેમનું શરીર ખૂબ જ અશક્ત બની ગયું હતું, પણ તેમના સ્વામીના શરીરનું રક્ષણ કરવા માટે તેમનામાં સ્ફૂર્તિ બમણી તાકાતની આવી ગઈ હતી. બાબાનું માથું મહાળસાપતિએ પોતાના ખોળામાં લઈ લીધું અને બાબાના ચહેરા સામું જ જોતા રહ્યા.

મધ્યરાત્રિ પસાર થઈ ગઈ. અબ્દુલ તો ગાઢ નિદ્રામાં હતો. કોઈને બોલાવ્યા સિવાય મહાળસાપતિ બાબાના શરીરની રખેવાળી કરતાં કરતાં તેમનું ધ્યાન રાખીને બેસી રહ્યા.

પ્રાતઃકાળની કાકડ આરતીનો સમય થયો. હવે અબ્દુલ પણ જાગ્યો હતો. બાબા મહાળસાપતિના ખોળામાં ગાઢ નિદ્રામાં સૂઈ ગયા છે એમ સમજી તે પોતાના દરરોજના કામમાં લાગી ગયો.

સૂર્યોદય થતાં ગામલોકો બાબાની તબિયતના સમાચાર જાણવા મસ્જિદમાં આવવા લાગ્યા. અપ્પા જાગલેએ બાબાની નાડી તથા શ્વાસ તપાસ્યા પણ તેને લાગ્યું કે બધું ખલાસ થઈ ગયું છે. ફરીથી પરીક્ષા લેવા માટે દોરીનો એક ટુકડો બાબના નાક આગળ ધર્યો. તેમને ખ્યાલ આવી ગયો કે બાબા હવે આપણી વચ્ચે નથી. બધાએ મહાળસાપતિને તેની બેદરકારી માટે ભાંડ્યા, પણ બાબાના તે ભક્ત બધાને શાંતિથી સાંભળી રહ્યા હતા. એક બાજુ તેમના ઉપર આરોપ થતા હતા અને બીજી બાજુ તેમની પત્ની તરફથી સંદેશો મળ્યો કે પુત્રનું મરતાં પહેલાં મોં જોવું હોય તો તરત જ ઘેર આવી જાય. આ કસોટી અને અગ્નિ પરીક્ષા હતી. ગામલોકોએ પણ તેમને સમજાવ્યા પણ મહાળસાપતિ બીજા કોઈને બાબાને સોંપવા માટે તૈયાર ન હતા.

ગામના એકમાત્ર વૈદ્ય કુલકર્ણીને લોકો બોલાવી લાવ્યા. કુલકર્ણી બાબા માટે દ્વેષબુદ્ધિ રાખતો હતો. તેણે બાબાની આંખની કીકીઓ, નાડી, શ્વાસોશ્વાસ બધું જોઈને ખાતરી કરી લીધા પછી બધાને કહ્યું કે બાબાની યાત્રા પૂરી થઈ ગઈ છે. હવે જલદીથી એમની કબર તૈયાર કરો. શરીરને કબરમાં ગોઠવી તેમના ઉપર માટી નાખી દો.

મહાળસાપતિ આ સાંભળીને ગર્જના કરીને બોલ્યા, 'કદાપિ નહીં. કોઈપણ બાબાના શરીરને અડકશે પણ નહીં. બાબાએ તેમના શરીરની ત્રણ દિવસ સુધી રક્ષણ કરવાનું મને કહ્યું છે. તેઓ ફરીથી આ શરીરમાં પાછા આવશે.' ગામ લોકો કહેવા માંડ્યા કે આ લાશના બદલે ઘેર જઈ મરણ પથારીએ પડેલા તમારા પુત્રની ચિંતા કરો.

કુલકર્ણીના કહ્યા બાદ વાયુવેગે સમાચાર પ્રસરી ગયા કે બાબાએ સમાધી લઈ લીધી છે. આખું ગામ મસ્જિદમાં ઊમટી પડ્યું. આજુબાજુના ગામના લોકોને જેમ જેમ જાણ થઈ તેમ તેમ આવવા લાગ્યા. બધાંની આંખોમાંથી અશ્રુધારાઓ વહેતી હતી. દરેકે મહાળસાપતિને સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ એ અશાંત ન જ થયા. બાબાનું માથું પોતાના ખોળામાંથી નીચે મૂકી બાજુ પર ખસી જઈ તેમના બદલે બીજાને તક પણ ન આપી.

બે દિવસ પતી ગયા. ત્રીજે દિવસે પણ બાબાના શરીરમાં ચેતના પાછી વળવાની કોઈ જ નિશાની દેખાતી ન હતી. લોકો ગામના મુસલમાન ફકીર મૌલાનાને બોલાવી લાવ્યા. મસ્જિદમાં જ એક કબર ખોદી તૈયાર કરવામાં આવી. બાબાના શરીરને કબરમાં દફનાવવાની તૈયારીઓ થવા લાગી. હજીય બધા વિશ્વાસ કરતા હતા કે બાબા મુસલમાન હતા તેથી ગામના મૌલાનાની દેખરેખમાં કાર્યવાહી કરાય.

મહાળસાપતિ સ્થિર અને શાંત બેઠા હતા. તેઓ બાબાને પાછા ફરવાની પ્રાર્થના કરતા

હતા. ‘બાબા તમે જ તમારા શરીરની રક્ષા કરો. મારા માથે કાળી ટીલડી ન લાગવા દેશો. ચાર મુસલમાન ભાઈઓ બાબાના શરીરને ઊંચકવા માટે આગળ આવ્યા. મહાળસાપતિએ તેમના પ્રયત્નને જોરદાર ધક્કો પહોંચે તેવો નિશ્ચય કર્યો.’ એમણે નક્કી કરી લીધું હતું કે જો લોકો બળનો ઉપયોગ કરીને બાબાના શરીરને લઈ જવાનો પ્રયત્ન કરશે તો બાબાના શરીરને બે હાથથી જબરજસ્તીથી પકડી રાખશે. લોકો એવી તો કોશિશ નહીં જ કરે કે જેથી બાબાના શરીરને બાહ્ય ક્ષતિ પહોંચે. એવો મહાળસાપતિને વિશ્વાસ હતો.

બાબાના ભક્ત રામચંદ્ર પાટીલે, અપ્પા જગલે, કાશીરામ દરજી અને તાત્યાને ઈશારો કર્યો. તાત્યા અને રામચંદ્ર બન્ને નવજવાન તથા શક્તિશાળી હતા. જેવા તેઓ આગળ વધ્યા, મહાળસાપતિએ બાબાને પોતાની ભૂજાઓથી જોરપૂર્વક પકડી લીધા અને દયામણા અવાજે બોલ્યા, ‘બા...બા’ એમનો દયાજનક અવાજ બ્રહ્મલોકમાં પડઘારૂપે પહોંચી ગયો. જ્યાં બાબાનો આત્મા પરમાત્મા સાથે એકરૂપ થઈને આરામ કરી રહ્યો હતો.

એક ઝાટકાની સાથે બાબાનો આત્મા પાછો ફર્યો અને મહાળસાપતિની બાથમાં રહેલા બાબાના નિર્જીવ શરીરમાં પ્રવેશ્યો. શરીરમાં પ્રાણ આવી ગયો. બાબાએ પોતાનો જમણો હાથ ઊંચો કર્યો અને પ્રેમપૂર્વક મહાળસાપતિની પીઠ ઉપર થાબડ્યો. રામચંદ્ર પાટીલ અને તાત્યા ગભરાઈ ગયા. તેમના હૃદયમાં મોટો ધક્કો લાગ્યો. તે જ વખતે લોકોનાં ટોળાંમાંથી અવાજ ગુંજી ઊઠ્યો, ‘સાંઈબાબાની જય ! જય સાંઈનાથ ! જય સાંઈરામ !’

લોકોનાં ટોળાંને શાંત રહેવા કેટલાક ભક્તોએ કહ્યું. નીરવ શાંતિ છવાઈ ગઈ. બાબનો હાથ પ્રેમથી મહાળસાપતિના બરડા ઉપર ફરી રહ્યો હતો. બાબા બોલ્યા, મારી ચિંતા છોડો. હવે તમારા ઘેર જાઓ. અન્ય ભક્તો સાથે મહાળસાપતિ ઘરના આંગણા સુધી પહોંચ્યા એ વખતે ઘરમાંથી તેમની પત્નીનો રડવાનો અવાજ આવતો હતો. તેમના પુત્રે આ સંસારનો ત્યાગ કર્યો હતો.

બાબાનો આત્મા ત્રણ દિવસ પછી શરીરમાં ફરીથી પ્રવેશ્યો. એ સમાચારે શિરડીની દશે દિશાઓમાં જનતાને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. સાથોસાથ મહાળસાપતિની પ્રત્યે પણ બાબાની જેમ જ સમાન સન્માનથી ભાવથી જોવા લાગ્યા. તેઓને પ્રશંસા પસંદ ન હતી. એટલે પંદર દિવસ સુધી મસ્જિદમાં દેખા જ ન દીધી.

‘મસ્જિદમાં પ્રગટ્યા સાંઈ’, પ્ર. આ., પૃ. ૯૯
(અનુવાદક : શ્રી આર. જી. પંચાલ) ❑

॥ હરિઃૐ ॥

**ઘણા માણસો મને માનનારા મળે છે ખરા. મારે માટે લાગણી રાખે છે, પણ એ કામમાં એકધારા મંડ્યા રહેવું અને મોટાને માટે ભેખ લેવો એવા માણસો નથી. એ વાત તદ્દન સાચી છે.**

‘મોટાવાણી’-૧૨, પૃ.૭૦ **-શ્રીમોટા**

## (૪) સત્પુરુષનું કાર્ય

**શ્રીઉપાસની બાબા**

તમે સર્વ એક જ પરિવારના છો. આ પરિવાર પૂર્વજન્મોનો છે. એની જાણ તમને નથી, પણ મને એની જાણ થવા લાગી છે. ઈશ્વરનું સ્મરણ કરજો એટલે તમારું સારું કરશે, અને તે જ તમારા કામમાં આવશે. સેંકડો વર્ષના આપણે એક જ ઘરનાં છીએ, પણ પેઢી દર પેઢી કર્મપ્રારબ્ધ પ્રમાણે નિરનિરાળાં ઠેકાણે, જુદી જુદી યોનિમાં જન્મ લઈ અહીં તહીં પ્રસરેલાં છીએ.

પોતાના કુળમાંનું કોઈ પણ પરમાત્મારૂપ થયું હશે તેથી તમને અહીં આવવાની અને ત્રાસ સહન કરવાની બુદ્ધિ થાય છે. સંબંધ તૂટેલો હોત તો તમને અહીં આવવાની બુદ્ધિ જ ન થઈ હોત. માટે ગમે ત્યારે અહીં આવતા રહેવું અને ગમે ત્યારે જવું. ત્રાસ થાય તો સહન કરવો. સુખદુઃખના આઘાત જગતમાં થતા જ રહે છે, માટે હર્ષવિષાદ ન માનતા કોઈ પણ સ્થિતિમાં ગભરાવું નહિ. ધૈર્ય ધરવું. મન સ્થિર રાખવું.

તમે લોકો દયા અને પ્રેમ રાખજો. તમે ઉંમરમાં મોટા છો. મને તમારું બાળક સમજજો. તમારાં બાળકો ઉપર જેવો પ્રેમ રાખો છો તેવો પ્રેમ મારા ઉપર પણ રાખજો. **હું પ્રેમનો ભૂખ્યો છું.** ચોકને કહ્યું એ બધાને જ કહ્યું એમ સમજવું. એકના મોઢા તરફ જોઈને બોલ્યો હોઉં તેથી તેને જ ઉદ્દેશીને બોલ્યો છું એમ સમજવું નહિ.

તમે પીંજરામાંથી એટલે કે વારંવાર આવનારા નાશવંત શરીરમાંથી છૂટો, તે માટે મેં આ લાકડાનું પીંજરું સ્વીકાર્યું છે અથવા તો કોઈને બંધનમુક્ત કરવા હશે એવો પણ પરમેશ્વરી સંકેત હશે. મારા શરીરરૂપી પીંજરામાંથી તો મારાથી ગમે ત્યારે બહાર જઈ શકાય છે અને પાછા શરીરમાં આવી પણ શકાય છે.

સત્પુરુષ દ્વારા તમને દુઃખ મળો કે ઐહિક સુખ મળો, પરંતુ તે સુખદુઃખના યોગ તમે જન્મોજન્મ જે બંધાઈ ગયા છો તેમાંથી છૂટવાનું જ પરિણામ આવશે. આપણે જેને પરમેશ્વર માન્યા હોય તે જ આપણને તારનારા છે એમ ઠરાવીને એમના ગુણદોષ મનમાં લાવવા નહિ.

'ફકીરની રીત ઊલટી' અથવા 'સંતોના ઘરની ઊલટી જ નિશાની' વગેરે વાક્યો પરથી સમજી લેવું કે સત્ અવસ્થામાં જવા માટે સદ્‌ગુરુની કૃપાથી અનેક કુળોનો ઉદ્ધાર કરવા માટે કોઈ પણ અધિકારી વ્યક્તિને જગતવ્યવહારથી ઊલટી અવસ્થામાં રાખી તેના દ્વારા જ પરમેશ્વર અધિકારી વ્યક્તિનો ઉદ્ધાર કરે છે.

તમારાં સારાંનરસાં કર્મોનો ક્ષય કાં તો ભોગ ભોગવીને અથવા સત્કર્મો દ્વારા અથવા સત્પુરુષ દ્વારા કરી લેવો જોઈએ. જ્યાં સત્પુરુષ બ્રહ્મરૂપ થયો છે, ત્યાં આપણાં સારાં કે નરસાં કર્મોનો નાશ થાય છે.

સત્પુરુષ પૂર્ણ બ્રહ્મરૂપ હોય છે એ ખરું, પરંતુ તમારાં સત્કર્મ અથવા દુષ્કર્મ ત્યાં આવે એટલે તેના રૂપાંતરથી સત્પુરુષની ચેષ્ટા શરૂ થાય છે અને તમારાં કર્મો પૂર્ણ બ્રહ્મરૂપ થાય છે. સત્પુરુષ તો 'કેવળ' હોય છે. તેનું સારું નરસું બોલવું કે વર્તવુ વગેરે એનું કંઈ હોતું નથી. સત્પુરુષ પથ્થર જેવા કે નિશ્ચલ પાણી જેવા હોય છે. જે તે વ્યવહાર તેમના હોતા નથી, પરંતુ તમારાં કર્મોના ક્ષય થવા માટે હોય છે.

આપણે મૂળના બ્રહ્મરૂપ જ છીએ. એક બાજુએ કર્મબદ્ધ અને બીજી બાજુએ સત્પુરુષનારૂપે બ્રહ્મરૂપ. માટે જે સત્પુરુષ બ્રહ્મરૂપ થયેલા હોય તેમના દ્વારા કર્મક્ષય કરાવી આપણે સ્વસ્વરૂપનો અનુભવ લેવો.

'શ્રીઉપાસની વાક્‌સુધા-૪', બી. આ., પૃ.૩૧૮ ❑

વિનોબાજી

ઈશાવાસ્ય એક નાનકડું ઉપનિષદ છે. આપણી 'ગીતા' નાનકડી છે, તોયે તેમાં અઢાર અધ્યાય છે. આમાં તો માત્ર અઢાર શ્લોક છે. દુનિયાનો પહેલો ગ્રંથ વેદ છે એમ લોકો માને છે. વેદોનું રહસ્ય જે ગ્રંથોમાં છે તેને વેદાંત કહે છે. 'ઈશાવાસ્ય' એક વેદાંત ગ્રંથ છે. વેદાંતના ગ્રંથો આમ તો ઘણા છે, પણ આમાં વેદોનો સાર છે અને પહેલા મંત્રમાં જ એ સાર આવી જાય છે.

એનો અર્થ એવો છે કે દુનિયામાં જે જીવન છે, તે બધું ઈશ્વરથી ભરેલું છે. કોઈ ચીજ ઈશ્વર વગરની નથી. સત્તાની ભાષામાં કહીએ તો અહીં કેવળ ઈશ્વરની સત્તા છે. આ સમજી આપણે બધું તેને જ સમર્પણ કરવું જોઈએ અને જે કંઈ તેની પાસેથી મળે તે પ્રસાદ માની લેવું જોઈએ. 'અહીં મારું કશું નથી, બધું ઈશ્વરનું છે' એવી ભાવના રાખવી જોઈએ.

જે માણસ આવી રીતે રહેશે, બધું તેનું થઈને રહેશે, બધું તેને આવી મળશે અને જે કંઈ મળશે તેનાથી તે સંતુષ્ટ રહેશે. બીજાની તે અદેખાઈ નહિ કરે, કોઈના ધનની તે અભિલાષા નહિ રાખે. ઈશ્વર સમર્પણ, પ્રસાદ લેખે ગ્રહણ, અદેખાઈ ના કરવી, ધનની વાસના ના રાખવી- આમ, એક સંપૂર્ણ વિચાર આ મંત્રમાં છે.

બીજા મંત્રમાં કહ્યું છે કે કર્મ કર્યા વગર જીવવાની ઇચ્છા રાખવી એ જીવનને બેઈમાન થવા બરાબર છે. સતત કર્મ કરતા રહીએ. કર્મને ટાળીએ તો જીવન ભારરૂપ લાગશે.

ત્રીજા મંત્રમાં કહ્યું છે કે ભાઈ ! ભગવાનને ભૂલી જશો, ભોગપ્રધાન વૃત્તિ રાખશો, કર્મનિષ્ઠા છોડી આળસને વળગશો તો આ જ ભવમાં નરકમાં પડશો અને મરણ પછી પણ તેવી જ દશા રહેશે.

ચોથા અને પાંચમા શ્લોકનો સાર એવો છે કે પરમેશ્વરની શક્તિ અલૌકિક છે. તે અસીમ છે. તેની બાબતમાં આપણે તર્ક કરવાને અસમર્થ છીએ. ગીતામાં પણ કહ્યું છે કે ઈશ્વર અવતાર લે છે ત્યારે ભારે કર્મ કરતો દેખાય છે, પણ કર્મથી એ લેપાતો નથી. એથી ઊલટું, જ્યારે એ અવતાર ધારણ નથી કરતો ત્યારે કશું ના કરતો દેખાતો છતાં તે આખી દુનિયાનું શાસન કરે છે.

તે પછીના ત્રણ શ્લોકમાં ઈશ્વરભક્તનું વર્ણન છે. તે પોતાનામાં બધાંને અને બધાંમાં પોતાને જુએ છે. ભક્તિથી સ્વપરનો ભેદ મટી જાય છે. માણસે પોતાની આડે હજારો દીવાલ ઊભી કરી છે. જેથી, રાજ્ય, સમાજ અને કુટુંબમાં લડાઈઓ-ઝઘડાઓ પેદા થાય છે. ભક્તિ કરનારની આત્મભાવના દિવસે દિવસે વધતી જાય છે. પોતાની અને કુટુંબની વચ્ચે જુદાઈ નથી, ગામ ગામ વચ્ચે, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે એ જુદાઈ જોતો નથી. એટલું જ નહિ માણસ અને પશુ વચ્ચે પણ તે જુદાપણું જોતો નથી. આ રીતે ભેદ ઘટતાં એનું જીવન આનંદમય બને છે.

તે પછીના ત્રણ શ્લોકમાં બુદ્ધિનું કાર્ય બતાવ્યું છે. બુદ્ધિ, પરમેશ્વરે આપણા હાથમાં આપેલું મોટું હથિયાર છે. એનાથી આપણે ઉન્નતિ સાધી શકીએ તેમ જ અવનતિ પણ કરી શકીએ. અનાવશ્યક જ્ઞાન જીવનને બરબાદ કરશે. જરૂરી અને બીનજરૂરી જ્ઞાનની વચ્ચે વિવેક કરતાં શીખવું જોઈએ. અભ્યાસ કરવાથી જ્ઞાન અને અજ્ઞાન બેઉથી ભિન્ન કેવળ સાક્ષીરૂપ થઈ શકાશે. આમ, બુદ્ધિ ઈશ્વરપરાયણ રહે છે.

તે પછીના ત્રણ શ્લોકમાં હૃદય શોધનની વાત છે. બુદ્ધિની શુદ્ધિની સાથે હૃદયની શુદ્ધિ કરવાની પણ જરૂર છે. આપણા હૃદયમાં ગુણ અને દોષ બન્ને ભરેલા છે. ગુણોનો વિકાસ કરતાં રહેવું

અને દોષો હોય તે દૂર કરવા અને નવા દોષો પેદા ના થવા દેવા જોઈએ. આપણે જે કાંઈ કરીએ તેમાં આપણી દૃષ્ટિ ચિત્તશુદ્ધિની હોવી જોઈએ.

આ પછી એક મહાન મંત્ર છે. એમાં આખા દર્શનનો સાર છે. દુનિયામાં સત્ય છુપાયેલું છે, તે મોહના આવરણથી ઢંકાયેલું છે. બુદ્ધિશક્તિની એ ખામી નથી, પરંતુ બુદ્ધિ ઉપર મોહનું આવરણ છે. તેથી દર્શન થતું નથી. એક મોહ કાંચનમોહ છે. બીજા પણ તરેહતરેહના મોહ છે તે બધાને હિરણ્યમય પાત્ર એટલે કે સોનાનું ઢાંકણ કહીને ઓળખાવ્યા છે. સત્યનાં દર્શન માટે આ સોનાનું ઢાંકણું હઠાવવું જોઈએ.

છેલ્લા ત્રણ મંત્રોમાં આપણો વિકાસક્રમ બતાવ્યો છે. જેને ઈશ્વર કહેવામાં આવે છે, તે આ દુનિયાને પ્રેરણા આપનારો છે, તેનું પાલનપોષણ અને નિયમન કરવાવાળો છે. તે દુનિયાનું હંમેશ નિરીક્ષણ કરતો રહે છે. આવી જેની શક્તિ વર્ણવવામાં આવી છે તેની સરખામણીમાં હું એક તુચ્છ જીવ છું, પણ મારામાં અને તેનામાં તત્ત્વભેદ નથી, કારણ કે હું તેનો જ અંશ છું. તે જ હું છું. પણ મારા ઉપર આ દેહનું આવરણ છે તે એક સુવર્ણપાત્ર છે. તેની ભીતરમાં 'હું' છુપાયેલો ઢંકાયેલો છું. એ દેહના આવરણને ભેદીએ તો 'હું'નું દર્શન થાય. 'સોહમ્' મંત્ર આપણને એની બાંયધરી આપે છે.

પછી કહ્યું છે કે આપણે આમરણ સાધના કરવાની છે. ભેદ માત્ર બહારના દેહની સાથે વળગેલા છે. કાળોગોરો, જાડોપાતળો, મૂઢચતુર, નીતિમાન-અનીતિમાન એ અને એવા બધા ભેદ ઉપર ઉપરના છે. આ ભેદને ભૂલવા જોઈએ અને અંદરની અસલ ચીજને પકડવી જોઈએ. ઉપનિષદનો ઋષિ કહે છે કે જે આ ઢબે આમરણ સાધના કરે છે એનો દેહ પડે છે ત્યારે તેની માટી, માટીમાં અને આત્મા પરમાત્મામાં ભળી જાય છે.

છેલ્લો મંત્ર ભગવાનની પ્રાર્થનાનો છે. ભગવાનને રસ્તો દેખાડનારા અગ્નિરૂપ દેખાડ્યા છે. જે આપણામાં રહીને આપણને જીવતા રાખે છે, જે ના હોય તો આપણું શરીર ઠંડું પડી જાય છે, જે ચેતન બતાવનારી ગરમી છે તે ઉપાસનાને માટે ચૈતન્યના એક સંકેતરૂપ છે. એ ચૈતન્યની વ્યાખ્યા નથી. અગ્નિસ્વરૂપ ચૈતન્યને પ્રાર્થના છે કે હે પ્રભુ, અમારામાં ચેતન છે, ગરમી છે ત્યાં સુધી અમને સીધા રસ્તા ઉપર રાખ. અમારા જીવનમાં વક્રતા ના પેસી જાય. ઋજુતા-સરળતા છે ત્યાં ધર્મ છે. વાંકાપણું છે ત્યાં અધર્મ છે. કાયા, વાચા અને મનથી, અંદરથી અને બહારથી આપણે ઋજુ, સરળ, સીધા રહીએ. આવા સરળ જીવનને માટે આપણને બળ આપવાની આ મંત્રમાં ભગવાનને પ્રાર્થના છે.

ઉપનિષદની શરૂઆતમાં અને આખરે શાંતિ મંત્ર બોલવામાં આવે છે. એનો અર્થ એવો છે કે બધું પૂર્ણ છે. માટે હંમેશાં શાંતિ રાખવી. અશાંતિ માટે કશું કારણ નથી, પણ આપણને એવો આભાસ થાય છે કે જ્યાં જુઓ ત્યાં દુઃખ ભરેલું છે, બધું અપૂર્ણ છે અને આપણે તે પૂર્ણ કરવું છે. છતાં હકીકતમાં એવું નથી. કુંભાર ઘડો બનાવતો નથી, એ માટીમાં પહેલેથી હતો. છુપાયેલો હતો. તે કેવળ નિમિત્ત બને છે. આ જ રીતે શિક્ષક, વિદ્યાર્થીને જ્ઞાન માટે સહાયભૂત થાય છે. માબાપ પણ આ રીતે જ વિચાર કરે. દુનિયા પૂર્ણ છે. વચ્ચે આપણને રમવાની તક મળી છે. આપણે પાણી ઉપરનાં મોજાં જેવાં છીએ, પણ આખરે તો પાણી જ છીએ. આવી રીતે આપણે વિચારતા થઈએ તો અશાંતિનું કારણ નહિ રહે. તેથી, છેવટે કહ્યું છે : ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

'ઈશાવાસ્યવૃત્તિ', બી.આ., પુનર્મુદ્રણ, પૃ. ૧૦ ❑

# (૬) આપણે પ્રકૃતિના દાસ છીએ, અનુભવી માટે એ માધ્યમ છે

શ્રીમોટા

**સ્વજન :** મોટા, વિચાર કરવાની પ્રક્રિયા (પ્રોસેસ) છે, એ બાબતમાં આપે કહ્યું કે અનુભવ થાય એને વિચાર ન હોય. કોઈ જાતના સંસ્કાર ન પડે એવી જાતના વિચાર હોય ?

**શ્રીમોટા :** એ હું સમજાવું. જ્યાં સુધી આપણે પ્રકૃતિમાં છીએ ત્યાં સુધી આપણું સ્થૂળ શરીર છે. સ્થૂળ ચિત્ત છે. તે અનેક પ્રકારના સંસ્કારો ગ્રહણ કર્યે જાય છે. જેમ શાહીચૂસ શાહી ચૂસે છે. તેવી રીતે આપણી પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, મન, બુદ્ધિ, પ્રાણ ને અહમ્ એ બધાંથી જે કંઈ થયું તે બધું જ ચિત્તમાં સમાઈ જાય છે. એ સંસ્કારો ઉદય વર્તમાન થાય એનું નામ ટેન્ડસી (=વલણ). એ વલણ પ્રમાણે આપણી ગતિ થાય.

હવે જ્યારે માણસ 'અનુભવી' થાય છે ત્યારે એમાં પ્રકૃતિ તો હોય છે, કારણ કે એને શરીર છે, પણ આપણામાં અને એનામાં ફેર છે. આપણે પ્રકૃતિના ગુલામ છીએ. જ્યારે પેલામાં પ્રકૃતિ એનું માધ્યમ-મિડિયમ છે. જીવદશામાં આપણે પ્રકૃતિના ગુલામ છીએ. ચેતનની દશામાં એવું નથી.

આપણે જીવદશામાં હોવાથી આપણી પ્રકૃતિ એટલે કામ, ક્રોધ, મોહ એ આપણામાં મોખરે હોય છે. જ્યારે પેલામાં પ્રકૃતિ માધ્યમ છે. પ્રકૃતિના આપણે દાસ છીએ. માટે આપણે 'અનુભવી' નથી થઈ શકતાં. આપણે પ્રકૃતિથી પ્રેરાયેલા રહીએ છીએ. જ્યારે અનુભવી તો ચેતનથી જ પ્રેરાયેલો રહેલો હોય છે.

અનુભવ થાય એટલે પ્રકૃતિથી મુક્તિ જેમ ધારે તેમ પ્રકૃતિને વાપરી શકે. આપણી પાસે પાંચ હજાર રૂપિયા હોય તો એના પ્રમાણમાં તેનો ધારીએ તે રીતે ઉપયોગ કરી શકીએ, કારણ કે આપણે એના સ્વામી છીએ. તેવી રીતે અનુભવી પુરુષ પ્રકૃતિનો ઉપયોગ કરી શકે છે.

આ ઉપરાંત, 'અનુભવ' એને ત્યારે થયો કહેવાય જ્યારે એનામાં સંસ્કાર માત્ર દગ્ધબીજ થઈ જાય. ઘઉં શેકેલા હોય તોયે દેખાય તો ઘઉં જ જેવા, પણ એ શેકેલા ઘઉં ઊગી શકે નહિ. આ તો એક પછી એક તર્ક લઈને તે રીતે આ વાત કરું છું.

અનુભવીમાં પ્રકૃતિ તદ્દન ડૉમેન્ટ (=સુપ્ત) છે. એ સ્વીકારાય તો બીજું પગલું એ આવે છે કે પ્રકૃતિની અંદર પ્રોસેસ ઓફ થીંકિંગ (=વિચાર પ્રક્રિયા) છે તેવી પેલા અનુભવીમાં ના હોય. પ્રકૃતિમાં વિચારની કડીઓ એક વિચારમાંથી બીજો વિચાર એમ વિચારોની પરંપરા (લિંક=કડી) આવે છે. જ્યારે અનુભવીમાં એવો પ્રોસેસ ઑફ થીંકિંગ હોતો નથી.

અનુભવીને જ્યાં નિમિત્ત હોય ત્યાં સ્વયંમેળે સ્પોન્ટેનીયસલી (=એકાએક) સ્ફુરી આવે છે. પછી એનામાં વિચાર-બિચાર કશો હોતો નથી. આપણે તો એક કર્મ કરીએ ત્યારે કેટલા બધા વિચાર થાય. એક કર્મ કરતાં અનેક કર્મ આપણે ઉપજાવીએ છીએ. એક કર્મ ભોગવતાં ભોગવતાં અનેક કર્મો ભોગવવાનો મસાલો ચિત્તમાં આપણે ઉમેરી દઈએ છીએ. એટલે કોઈ દિવસ અંત જ ન આવે.

અનુભવી તદ્રૂપ હોવા છતાં એ તદ્દન નોખો છે. એટલે એને કંઈ કશું વળગતું નથી.

એક જાણે મને પૂછ્યું કે 'મોટા, તમે આ વાત કરો છો એમાં તો કોન્ટ્રાડીક્શન (=પરસ્પર વિરોધ) આવે છે. અંદર વળગેલો હોવા છતાં એ નોખો હોય છે એવું તે કેમ બને ?' મેં કહ્યું,

**અનુસંધાન પેજ નં.૧૪ ઉપર**

## (૭) બિંબ-પ્રતિબિંબ

શ્રીદાસાનુદાસ

તમારી સામે રાખેલા આયનામાં રહેલું તમારું પ્રતિબિંબ સ્વતંત્ર રીતે હાલવાચાલવા માટે જરાયે હકદાર નથી. એ તો તમારું હાલ્યું હાલશે, તમે જેમ કરશો તેમ તે કરશે, એથી વધુ કંઈ જ કરી શકશે નહિ. તેવી રીતે એક જ ઈશ્વર મૂળ બિંબ છે અને તમે બધાં તેનાં પ્રતિબિંબ છો. શી તાકાત છે કે તેની ઇચ્છા વિરુદ્ધ તમે કોઈ પણ વાણી, વિચાર કે વર્તન વર્તી શકો ?

તું ભલે ઈશ્વરની ગમે એટલી સેવાપૂજા અને માળા-પ્રદક્ષિણા કર્યા કરે, પરંતુ એ ઈશ્વર તારા ઉપર ક્યારે ખુશ થશે એ તને ખબર છે ? જ્યાં સુધી નિંદકની નિંદા અને ક્રોધીના ક્રોધને સહન કરીને નિંદક તથા ક્રોધીનો રાજીપો નહિ મેળવે ત્યાં સુધી તું એ અનંત ઈશ્વરનો રાજીપો કેવી રીતે મેળવી શકીશ ? શું ક્રોધી તારા ઉપર જે ક્રોધ કરે છે તેમાં અને નિંદક તારી જે નિંદા કરે છે તેમાં ઈશ્વરનો સંકેત નથી ? અરે, ઈશ્વરના સંકેત સિવાય કોઈથી કંઈ પણ બોલી શકાતું નથી તેમ જ કંઈ પણ કાર્ય કરી શકાતું નથી. માટે ક્ષણે ક્ષણે થતી ક્રિયાઓમાં તું ઈશ્વરની ઇચ્છા એમ દઢતાથી સહન કરતો કરતો તારા મૂળ ધ્યેય તરફ એટલે કે અનંત ઈશ્વર તરફ ચાલ્યો જજે. તેમાં જ તને ઈશ્વરી દિવ્ય આનંદ પ્રાપ્ત થશે.

જેમ ઈશ્વર આનંદસ્વરૂપ છે, તેમ તમે પણ આનંદસ્વરૂપ જ છો, પરંતુ તમે તમારા એ આનંદસ્વરૂપમાં સ્થિર નહિ રહેતાં ઉદ્વેગમાં કેમ ફસાયા છો એની ખબર છે ? જેમ ઈશ્વર સર્વના કર્તા હોવા છતાં પણ પોતે પોતાનામાં સ્થિર અકર્તાપણાના ભાવમાં સ્થિર રહીને, અકર્તાપણાના ભાવમાં સ્થિર રહે છે તેથી જ પોતે પોતાના અખંડ આનંદમાં રહીને, આનંદસ્વરૂપ કહેવાય છે, તેમ તમે પણ તમારા દેહની અને અંતઃકરણની ક્રિયાઓના કર્તા હોવા છતાંયે જો તમારા મૂળ ચૈતન્યમાં સ્થિર રહો અને અકર્તાભાવમાં ડૂબેલા રહો તો જરૂર તમે પણ આનંદસ્વરૂપ જ છો. તમારો આત્મા તમારામાં ત્રણ ભાગમાં વહેંચાયેલો છે : (૧) કર્તા (૨) કારવતા અને (૩) દ્રષ્ટા. તે પૈકી દ્રષ્ટામાં સ્થિર રહેનાર સાધક જગતનાં કામો કરવા છતાં પણ અકર્તા રહીને પોતે પોતાનો આનંદ લૂંટી શકે છે. તમારો કર્તા આત્મા તમારા શરીરનાં બધાં અવયવોમાં ઓતપ્રોત છે, તમારો કારવતો આત્મા તમારા અંતઃકરણમાં ઓતપ્રોત છે અને તમારો દ્રષ્ટા આત્મા પોતે પોતાના મૂળ સ્થાનમાં સ્થિરતા પામીને રહેલો છે, પરંતુ તમે તમને જ ભૂલી ગયા છો. કર્તા કારવતાને તમારું સાચું સ્વરૂપ માની બેઠા છો અને દ્રષ્ટાને ભૂલી ગયા છો. દ્રષ્ટામાં સ્થિર થવા માટે તમે વધુમાં વધુ તમારા શ્વાસોશ્વાસમાં જ સ્થિર રહો. શ્વાસોશ્વાસ એ જ મનુષ્યમાત્રની સાચી મૂડી છે. શા માટે તમે તેને તમારા ખ્યાલ બહાર ખર્ચ થવા દો છો ?

યાદ રાખજો કે અંતર્મુખ બન્યા સિવાય ઈશ્વરી દિવ્ય આનંદ કદાપિ પ્રાપ્ત નહિ થાય. અંતર્મુખ થવા માટે તમારે તમારા દેહની તમામ ઇંદ્રિયો સહિત મનને વશ કરવું પડશે. તમારા દેહની તમામ ઇંદ્રિયોમાં વધુ પડતું નુકસાન કરનાર બે ઇંદ્રિયોને પ્રથમ જીતો : (૧) જીભ અને (૨) નેત્ર. તેમાં પણ જીભ તો બેવડું નુકસાન કરે છેઃ (૧) વધુ પડતા સ્વાદથી અને (૨) વધુ પડતું બોલવાથી. જે સાધક ખોરાકના સ્વાદને જીતે છે તેની વાણી અને દૃષ્ટિ આપોઆપ જ જિતાઈ જાય છે. તમારે જો ખરેખર દિવ્ય ઈશ્વરી આનંદ મેળવવો હોય તો આટલું જરૂર યાદ રાખો :

***ચૂપ રહેવાથી ચપટી મળશે, એકાંતે કંઈક અદકું મળશે,***
***ઉપવાસે ઊડશે આનંદતણો ફુવારો, તારો સફળ થશે જન્મારો. (ટેક)***

ચૂપ રહેવું એટલે સત્ય, મધુર તેમ જ ઓછું બોલવું તે. એકાંત એટલે તમે જે કાર્ય કરતા હો તેમાં જ ધ્યાન રાખવું. બાકીનું ફાલતું જોવું, જાણવું અને વિચારવું બંધ કરીને કેવળ વર્તમાનમાં જ સ્થિર રહેવું તે. ઉપવાસ એટલે દેહનિભાવ અર્થે સાદો અને અલ્પ ખોરાક લેવો તે. આ રીતનાં મૌન, ઉપવાસ અને એકાંતનું પાલન કરીને વ્યાવહારિક મનુષ્યો પોતાના વહેવારનાં કર્તવ્ય-કર્મો કરવા ઉપરાંત ઈશ્વરી દિવ્ય આનંદ તરફ દૃષ્ટિ રાખી શકે છે.

જ્યારે તારાં વાણી, વિચાર અને વર્તનથી અન્ય કોઈ પણ જીવાત્માના અંતરને જરા પણ દુઃખ થશે કે તરત જ ઈશ્વર તારા ઉપર નારાજ થશે.

'વીણેલાં ફૂલ, ભાગ-૨', બી.આ., પૃ. ૧૦૯ ❑

**અનુસંધાન પેજ નં.૧૨ નું ચાલુ**

'ભાઈ, તને દાખલો આપું કે આ વીજળીના તાર સમા (રિપૅર) કરવા જાય છે તો હાથે રબરનાં મોજાં પહેરી રાખેલા હોય છે. તેની કરામત એવી થયેલી હોય છે કે તે વળગેલો હોવા છતાં પેલું એની સાથે વળગે નહિ' તો તે કહે, 'હા, મોટા બરાબર છે.' તેવી રીતે આ અનુભવી પુરુષોની સ્થિતિ હોય છે. તદ્દન સંપૂર્ણ રીતે તદ્રૂપ થઈ ગયા હોય, કામ ક્રોધાદિ, લોભ મોહાદિ રીતે પણ તેમ છતાંય તે નોખા છે. તો તે કહે, 'તમે સાબિતી આપી શકો?' મેં કહ્યું, 'એવું નિમિત્ત બને અને એવો પ્રસંગ હોય અને તું હાજર હોય તો તેવું બની શકે. ના બની શકે એવું નહિ. આ પ્રયોગાત્મક છે.'

અમારા બધા સાધુ સંન્યાસીઓ કહે છે કે, 'અનુભવને વળી પ્રયોગ કેવો ?' પણ એ વાત પ્રયોગાત્મક છે. સાબિત કરી શકાય એવું છે. હું ગમે તેમાં તદ્રૂપ થઈ ગયેલો હોવા છતાં ભજન-શાસ્ત્ર લખી શકું. એક વખત ઑપરેશન માટે મને લઈ ગયેલા ત્યારે તેવી સ્થિતિમાં પણ કાંટાવાળાને ભજન લખાવેલાં.

અનુભવી પુરુષ તદ્રૂપ હોવા છતાં નોખા છે. મેં જાતે જોયેલું છે. મારા વિશે તો મારાથી કહેવાય નહિ પણ મેં મારા ગુરુમહારાજને જોયેલા છે કે એક ઠેકાણે હોવા છતાં, વાતોમાં વળગેલા હોવા છતાં બીજી જગાએ એમની હાજરી હોય છે. મારા પોતાના જીવનમાં થયેલું. એક વખત જંગલમાં સિંહ સાથે ગિરનારમાં સૂતેલો ત્યારે તેઓશ્રી હાજર થયેલા. નડિયાદના સ્મશાનમાં 'સૂતો' તો પાંચ સાત વાર પધારેલા. નડિયાદ સ્મશાનમાં મારી સાથે જે વાત કરે એ જ હકીકત જ્યાં પોતે હતા ત્યાં બોલતા હોય. મારા મિત્રે તે બધુ પોતાની નોંધમાં લખી રાખેલું.

'શેષ-વિશેષ', પ્ર.આ. પૃ.૪ ❑

## (૮) શ્રીસદ્‌ગુરુ-મનુષ્યરૂપમાં પરમાત્મા

દરિયાલાલ કપૂર

હજૂર મહારાજજીએ મિશનરીઓને કહ્યું, 'હું પહેલાં સ્વામીજી મહારાજના વચનથી શરૂ કરું છું અને પછી સમર્થન માટે બીજા સંતોનાં વચનો લઈશ. સ્વામીજી કહે છે કે પરમાત્માએ નરરૂપ ધારણ કર્યું અને જીવોને જાગૃત કરવા માટે ગુરુરૂપે જગતમાં આવ્યા. તેઓ પોતાના શિષ્યોને યાદ દેવડાવે છે કે તેઓ કુલમાલિક પરમાત્માના અંશ છે. જેઓને ગુરુમાં વિશ્વાસ છે તેમને ગુરુ પોતાના અસલી ઘર નિજધામ લઈ જાય છે.'

મિશનરીઓ તરફ વળીને હજૂર મહારાજજી બોલ્યા, 'કદાચ આ કથન ઉપર વિશ્વાસ કરવો તમારે માટે ઘણો મુશ્કેલ હશે, પરંતુ બાઇબલમાં પણ આ પ્રમાણેનાં કથન છે. 'શબ્દે શરીર ધારણ કર્યું.' 'વર્ડ' (શબ્દ) અથવા 'લોગાસ' પરમાત્મા છે, સર્વનો સર્જનહાર છે. જૉન (પ્રકરણ-૧) એનું સમર્થન કરે છે. તમે બધા તે જાણો છો.લખાણ કંઈક આ પ્રમાણે છે, 'શરૂઆતમાં શબ્દ હતો. શબ્દ પરમાત્માની સાથે હતો અને શબ્દ જ પરમાત્મા હતો. સઘળું એણે બનાવ્યું છે અને સૃષ્ટિમાં કોઈ વસ્તુ એવી બની નથી જે એના વિના બની હોય.' તે શબ્દે જ શરીર ધારણ કર્યું અને ઈસુ ખ્રિસ્તના રૂપે સંસારને ઉગારવા માટે ધરતી ઉપર આવ્યા. અહીં સુધી આપણે બધાં સંમત છીએ.

પંજાબના એક મુસલમાન સંત બુલ્લેશાહ કહે છે, 'મૌલા આદમી બના આયા.' ગુરુ અર્જુનદેવજી ઘોષણા કરે છે, 'હરિ (પરમાત્મા) પોતે આજે રામદાસનું (ગુરુ અર્જુનદેવજીના ગુરુ) નામ ધારણ કરી પ્રગટ થયા છે.'

મૌલાના રૂમ તો એથીએ આગળ વધીને કહે છે, 'ગુરુના રૂપમાં પરમાત્મા અને પયગંબર બન્ને સમાયેલા છે.'

ગુરુ અર્જુનદેવજી કહે છે, 'ગુરુ કર્તા છે, ગુરુ બધું જ કરે છે. કોઈ પણ વાત ગુરુના સામર્થ્યની બહાર નથી. તે જે પ્રમાણે થાય છે.' વળી તેઓ આગળ કહે છે, 'ગુરુ સર્વશક્તિમાન છે, સર્વવ્યાપી છે, નિરાકાર છે, કુલમાલિક છે, અગમ છે, અનંત છે, અકથ છે, તેનું કોઈ વર્ણન કરી શકે નહિ.' ગુરુ નાનક કહે છે કે :

આ શરીરરૂપી સમુદ્ર વલોવીને મેં એક અનુપમ વાત જોઈ કે ગુરુ પરમાત્મા છે અને પરમાત્મા જ ગુરુ છે. એ બેમાં જરાય અંતર નથી.

ઈરાનના એક બીજા સંત કહે છે, 'નૂરે હક જાહિર બવદ અંદર વલી.' સંતની અંદર પરમાત્માનો પ્રકાશ સ્પષ્ટ દેખાય છે. જે પોતાની અંદરની આંખ ખોલી દે છે તે તેને જોઈ શકે છે. કબીર, દાદૂ, પલટૂ અને બીજા સંતો પણ આ મુજબ કહે છે.

મિશનરી પ્રાધ્યાપકે કહ્યું, 'ઈસુ ખ્રિસ્ત પણ કહે છે, 'હું અને મારા પિતા એક છીએ.' અને 'મારા કહેવા મુજબ ચાલશો તો તમે પરમાત્માના રાજ્યમાં પહોંચી જશો.'

રાજસ્થાનની મશહૂર સંત સહજોબાઈ કહે છે 'બધા ધનવાનો-અમીરોને મેં દુઃખ અને પીડાથી અકળાતા જોયા છે અને ગરીબો તો પીડા અને દુઃખનું સ્વરૂપ જ છે. સુખી તો કેવળ પરમાત્માના ભક્ત છે જેમણે સુખ મેળવવા માટે પરમાત્માનું શરણ સ્વીકાર્યું છે. ધનદોલતથી કદી સુખ શાંતિ

મળતી નથી. જો એમ હોત તો કરોડો-અબજોની દોલતનો માલિક રૌકફેલર જે પોતાના કારખાનાના મજૂરને કે જેણે પીઠ ઉપર ભારે બોજ ઉઠાવ્યો છે તેને જોઈને એમ ન કહેત કે કોઈ મારી બધી ધનદોલત લઈ લો, પરંતુ આ ગરીબ મજૂરનું સ્વાસ્થ્ય મને મેળવી આપો.'

ધનદોલતને દુનિયાની સઘળી મુસીબતોનું કારણ કહ્યું છે, છતાં તેમ ન હોય તોપણ એ કોઈ સુખ આપનાર ચીજ નથી. તે અસ્થિર છે, આજે એકની પાસે છે, કાલે બીજાની પાસે. તે મનુષ્યને લોભી, મિથ્યાભિમાની, કઠોર હૃદયનો અને દયાહીન બનાવે છે. એક સંત કહે છે, 'ધનદોલતને એકઠાં કરવા માટે મનુષ્યને અનેક રીતનાં પાપ કરવાં પડે છે, પરંતુ સંસારમાંથી વિદાય લેતી વખતે ન તો તે તેની સાથે આવે છે અને ન તો તેની કોઈ રીતે મદદ કરે છે.' ચેન કે આરામની ચીજો મેળવવામાં અથવા સંસારના ભોગોમાં સાચું સુખ નથી. આ ભોગોનું પરિણામ દુઃખ હોય છે. ગુરુ નાનક સાહેબ કહે છે, 'એશ આરામની જિંદગી દુઃખથી ભરેલી છે. ઇંદ્રિયોના સુખ પોતાની સાથે બીમારીઓને નોતરે છે અને અંત સમયે દુઃખ આપે છે.' એ સુખ શું કામનું જે અંતમાં દુઃખ લાવે ? એક શાણો માણસ હંમેશાં પરિણામ ઉપર વધારે ધ્યાન આપે છે.

જેવા હજૂર મહારાજજી અટક્યા એટલે રાય રોશનલાલ બોલી ઊઠ્યા, 'પરંતુ મને એ સમજાતું નથી કે પરમાત્મા જે અનંત, અસીમ અને સર્વવ્યાપી છે તે સીમિત બનીને મનુષ્યદેહમાં કેવી રીતે સમાઈ શકે ?'

હજૂર મહારાજજી બોલ્યા, 'રાયસાહેબ, આનું કારણ એ છે કે લોકો માને છે કે પરમાત્મા સ્વર્ગમાં કોઈ એક ખાસ જગ્યા ઉપર બેઠો છે અને ત્યાંથી આ સંસારનાં કામોનું સંચાલન કરી રહ્યો છે. લોકો આ અસીમને સીમિત કરી દે છે. પરમાત્મા અનંત અને સર્વવ્યાપી છે. ગણિતનો કોઈ પણ વિદ્યાર્થી તમને કહેશે કે પૂર્ણમાંથી પૂર્ણને ઘટાડવામાં આવે તો પૂર્ણ બાકી રહે છે. ઈશવાસ્યોપનિષદના શાંતિપાઠમાં આવે છે, 'ઓમ પૂર્ણમિદઃ પૂર્ણમિદમ્ પૂર્ણાત્ પૂર્ણાભિદમુચ્યતે.' અહીં પૂર્ણનો અર્થ છે સંપૂર્ણ, પૂર્ણ, અસીમ. પરમાત્મા અસીમ છે, પૂર્ણ છે અને જો પૂર્ણમાંથી પૂર્ણને કાઢવામાં આવે તો પૂર્ણ રહેશે. જ્યારે આપણે તેની મનુષ્યરૂપમાં આવવાની તાકાત વિશે શંકા કરીએ છીએ ત્યારે આપણે 'પૂર્ણ' અને 'અસીમ'ના મહત્ત્વને ભૂલી જઈએ છીએ. શું બધાં રૂપ એનાં રૂપ નથી ?

મહારાજજી આગળ બોલ્યા, 'આપણો આત્મા આધ્યાત્મિકતાના અપાર સાગરનું એક બુંદ છે એ વાતનો કોઈ ઇનકાર નહિ કરે. અથવા આપણે કહી શકીએ કે આપણા બધાંની અંદર પરમાત્માનો અંશ છે અને જે કોઈ પરમાત્માની નજદીક પહોંચે છે તે અંશ એટલો જ વધારે વિકસિત થાય છે. એક કવિ, દાર્શનિક, વૈજ્ઞાનિક, યોગી અથવા કોઈ વિકસિત આત્માની અંદર સામાન્ય મનુષ્ય કરતાં પરમાત્માનો અંશ વધારે પ્રગટ રૂપમાં હોય છે. જેટલા આપણા સ્થૂળ પડદાઓ હટતા જાય છે તેટલો જ આ પ્રકાશ અથવા 'આપણી અંદરનો પરમાત્મા' ચમકવા લાગે છે. આખરે એવી અવસ્થા બની જાય છે

**અનુસંધાન પેજ નં.૧૯ ઉપર**

# (૯) બહેતર છે કે અમારો સાથ છોડી દો

શ્રીમોટા

**સંસારી વાતોની લપછપમાંથી ઉત્તમ રીતે ટળી જવાનો સાચો ઉપાય તો શ્રીભગવાનનું નામસ્મરણ છે.** સંસારના જીવો ભલે આપણો કાંકરો કાઢી નાખે, પણ આપણે તો કોઈનો કાંકરો કાઢી નાખવાનો નથી. આપણે તો પ્રસંગ પડતાં જેનું તેનું કામ પ્રભુસેવાભાવે કરવાનું છે. કામથી કંઈ ઘસાઈ જવાનાં નથી. આપણે તો સર્વને હૃદયથી ઘણાં ઘણાં ચાહવાનાં છે, પણ તે શ્રીભગવાનની ભાવનાના સ્વરૂપે જ. વળી વળીને આપણે તો જેમાં ને તેમાં એવો જ ભાવ જ્ઞાનભક્તિપૂર્વક પ્રગટાવવાનો રહે છે. એ જ આપણું દૈવત ને જીવન. એનું જ નામ છે સાચી સાધના.

સંસારવહેવારમાં તું ઉપર કહ્યા પ્રમાણે વર્તવાનું કરી શકે, તો તું ખરી. તે વિના બાકી તો તડાકા ઠોકનારી ગણાય. આ જીવને તું તારા સદ્ગુરુ સમજતી હોય તો તો ઉપર મુજબ સંસારમાં વર્તવાની આજ્ઞા છે. તે તું પાળી બતાવજે. અમારું કથેલું કોઈ બીજા સ્ત્રી જીવે કે પુરુષ જીવે હજી પૂરું પાળી બતાવેલું નથી, તેનું દુઃખ અમે કદી ભૂલી શકતા નથી. એવા જીવોએ અમને માનીને અમને ત્રાસ, હેરાનગતિ ને દુઃખ આપેલાં છે. અમને બેવફા પણ થયેલા છે. તો શું તારે પણ તેવા થવું છે ? એના કરતાં તો બહેતર છે કે અમારો સાથ કોઈ મૂકી દે, તો તે ઉત્તમ ગણાય. જે જે જીવોએ જીવન વિકાસની ભાવના અર્થે અમારો સંગ ન કર્યો હોય તે તે જીવોની હકીકત વળી જુદી ગણાય, પરંતુ જેમણે જે જીવને સદ્ગુરુ તરીકે સ્વીકાર્યા અને ગણ્યા, છતાં સંસારમાં સંસારીના સંસારી જ જો રહ્યા કર્યા છે, ને તેવાપણામાંથી હઠવાનું દિલ થતું નથી, ને તેમાં તેને રંજ લાગતો નથી, તો તેવા જીવને હજારોવાર અમારા નમસ્કાર છે.

જેમણે સદ્ગુરુ કર્યા, પણ તેને તે વફાદાર, પ્રમાણિક, નેક દાનતવાળા તે તે જીવો ન રહી શક્યા હોય તે સર્વનું પ્રભુ કલ્યાણ કરો ! એવી અમારી તો તે તે જીવના કલ્યાણ અર્થે તેવી ભાવના હૃદયમાં પ્રવર્ત્યા કરે છે. કિંતુ કર્મનો બદલો, કર્મનો અટલ ન્યાય જગતમાં રહેલો છે. તે ફીટી શકતો નથી. કોઈ જીવને જો આપણે ઠગ્યો હશે, કોઈ જીવો સાથે જો આપણે પ્રમાણિકપણું નહિ દાખવ્યું હોય, કોઈ જીવ સાથે વફાદારી નહિ દાખવી હોય, તો તેના કર્મનું પરિણામ જે વેઠવાનું આવશે, તેના કરતાં કોઈ ચેતનપણામાં જાગેલા જીવાત્માને બેવફા નીવડવાના કર્મનું પરિણામ એવું તો ભોગવવું પડશે કે તે ભોગવતાં ભોગવતાં તે જીવને ત્રાહિ ત્રાહિ પોકારવા પડશે. આ હકીકત ભય પમાડવાને લખેલી નથી, પરંતુ મારે મન તે તદ્દન સાચી છે. એના કરતાં તો જીવનવિકાસ અર્થેના સદ્ગુરુની ભાવનાથી મુક્ત થવું એ મારા-તારા જેવા જીવ કાજે ઉત્તમ છે. સદ્ગુરુ કરવા ને એને છેતરવા ને એને લાયક ભાવના પ્રમાણે વર્તવાનું ન કરી શક્યાં, એણે અનેક વાર આપણને ચેતવ્યાં, આપણને યોગ્ય સમજણો પ્રગટાવ્યાં કરી, તેમ છતાં પાછાં હતાં તેવાં ને તેવાં જ રહ્યાં કરીએ. તો એથી

કરીને એવા સદ્‌ગુરુને જે સંતાપ, ત્રાસ, દુઃખ થયા કરે છે, તે શું જતું રહેવાનું છે ? એવાને તો તે કશું લાગતું નથી, તો પછી એવું બધું ક્યાં જઈને ઠરવાનું ? એવી એવી પાછી પડેલી ભાવના કે વૃત્તિ વાતાવરણમાં જ રહ્યા કરવાની. ને જે જીવને નિમિત્તે તેમ થયેલું હશે તેને જ તે પ્રેમપ્રસાદીરૂપે મળ્યા કરવાનું છે તે હકીકત ધ્યાનમાં લેવા જેવી છે. માટે, તારે અમારી બાબતમાં ચેતી ચેતીને ચાલવાનું ને જીવવાનું છે. જેવી કરણી તેવી પાર ઊતરણી. જેવી ભાવના તેવો તેનો વિસ્તાર. જેવી વૃત્તિ તેવું જ વળતર થવાનું છે. આ બધી હકીકત આપણે સમજણમાં ઉતારવાની ઘણી જરૂર છે.

લાકડાના ઠૂંઠાને અડકીશું તો દાઝવાનાં નથી, પણ સળગતા લાકડાને અડકીશું અને તેને પાસે જઈને અડકીશું એટલે કે સળગતું હશે ત્યાં અડકીશું તો તો દાઝવાનાં જ. તેવી જ રીતે સંસારી જીવકક્ષાના જીવને છેતરવાનું બન્યું, તેના કરતાં ચેતનમાં જાગેલા જીવાત્માને જો છેતરવાનું બન્યું, તો તેવા કર્મનો બદલો કેવો મળશે તે આપણે વિચારવાનું છે. એ કશું જતું કરી દઈ શકે તેવો નથી, કારણ કે કર્મના અટલ કાયદાને એ ટોલ્લે મૂકી શકતો નથી તે નિશ્ચે કરીને પ્રમાણવું. માટે પ્રભુકૃપાથી કરી અમારો સંગ કરીને અમને છેતરવાનું કરવાનું બન્યું, અમને બેવફા નીવડવાનું બન્યું, અમારી સાથે પ્રમાણિકપણે વર્તવાનું ન બન્યું, અમારી સાથે નેક દાનત ન રખાઈ, અમારી સાથે જ્ઞાનભાવ ન રખાયો, તો એવા કર્મનું કશું પરિણામ નથી જ આવવાનું એમ માનવાનું નથી. પ્રત્યેક કર્મનું જેમ પરિણામ છે તેમ આનું પણ પરિણામ છે. આ જીવ કોઈ પણ જીવને કહેવા ગયો ન હતો, કે 'તમે આ જીવને ગુરુ માનો.' તે તે જીવોએ પોતાની મેળે તેમ કર્યું છે. ને તેમ કર્યું હોય તો પછી તેમનો તે પ્રમાણે વર્તવાનો ધર્મ પણ છે.

જીવનની સાથે ખેલ કે રમત કર્યે ચાલી શકનાર નથી. તેવી જ રીતે સદ્‌ગુરુ સાથે ખાલી ખાલી ખેલ કે ડોળ કે રમત કરવાનું જીવે મૂકી દેવું પડશે. સદ્‌ગુરુ કરવા હોય તો એના જીવનની ભાવના પરમાણવી પડશે. તે શું શું માગે છે, તે પ્રમાણે વર્તવાનું જ્ઞાનભાન જગાડી જગાડી તે પ્રમાણે યોગ્યતાથી ને ભાવનાથી વર્તવાનું કર્યા કરવું પડશે. જો તેમ ન બની શકતું હોય, તો પછી એને કૃપા કરી નેવે મૂકવો તે વધારે શ્રેયસ્કર છે. 'ગુરુ' 'ગુરુ' ગણવા ને ગુરુ તો કશામાં લેખે જ ગણાતા ન હોય એવી તો આપણી રહેણીકરણી હોય, એ તો એના જેવું થયું કે મહેમાનને નોતરું આપી જમવાને નોતર્યા ને એને ઘેર બોલાવીને જમાડીએ નહિ ને આપણે તો ભર્યે ભાણે જમીએ, જો એવું થાય તો પેલા બિચારા નોતરેલા જીવને કેવું લાગે ! તેવું જ આપણે સદ્‌ગુરુની બાબતમાં કરતાં ને વર્તતાં હોઈએ છીએ. આપણી આ પ્રકારની વર્તણૂક તે બેવફાપણાની છે. એને છેતરપિંડી કરવાથી આપણને જે ગેરલાભ છે, એનું આપણને સાચું જ્ઞાન નથી, નહિતર આપણે તે પ્રમાણે વર્તતાં ન હોત. ગુરુ ન કરવા તે બહેતર છે, પણ જો કર્યા હોય તો તેને જીવનવિકાસની ભાવનાના હેતુ અર્થે યથાયોગ્યપણે સંભાળવાની જરૂર છે. રોજ એની આગળ ધૂપ, દીવા, અગરબત્તી

પ્રગટાવવાં, ને એને કશામાં તો ગણકારવો નહિ. એનો ભલા શું અર્થ ?

આપણે પત્ની હોઈએ ને આપણો ધણી મૂળગુંયે આપણને ન જોતો હોય, બીજે બધે તેનાં વૃત્તિ, પ્રાણ, ચિત્ત ફર્યા કરતાં હોય, બીજાંનામાં તેનું મન રમણ કર્યા કરતું હોય, ત્યારે આપણું કાળજું કેવું કેવું કોરાઈ જતું હોય છે ! પોતાનો પતિ પોતાને જો કંઈ જ કશું કશામાં ગણતો ન હોય, માનતો ન હોય તો પોતાને કેવું થાય છે ? તો શું અમે સાવ ઢોર છીએ ? ઢોરને પણ લાગણી હોય છે. જે જે જીવોએ અમને ગુરુ માન્યા છે, તેવા તેવા જીવોની અમારા તરફની વર્તણૂકથી શું અમને કશું જ નહિ લાગતું હોય કે ? શું અમારામાં હૃદય નથી ? અમારી લાગણી કે ભાવનાની કથની સાંભળવાની પણ કોને પડી છે ? અમને યોગ્યપણે સમજવાની કોને પડી છે ? તો કૃપા કરીને તારે જેટલું સમજવું હોય તેટલું સમજીને યોગ્યપણે વર્તજે. અમારું કાળજું વલોવાઈને, ભારે દર્દની વેદનાથી, લોહીના અક્ષરે આ લખ્યું છે કે જેથી જે જીવોને હજી પણ સમજવું હોય તે સમજે. ભગવાન તે સર્વનું કલ્યાણ કરે એવી અમારી પ્રાર્થના છે. એ બધાં ગમે તેમ વર્તે પણ પ્રભુકૃપાથી તે અમારે દિલ તો તે જે છે તે છે.

માટે તમે બધાં આ જીવ પર કૃપા કરો. આ જીવને ગુરુ માનવાનું જો તમે બધાંએ કર્યું છે, તો તે હવે સાર્થક કરી બતાવવાનું તમારાં બધાંનાં હાથમાં છે, તે જાણશોજી.

'જીવનપોકાર', ત્રી. આ., પૃ. ૮૫ ❏

**અનુસંધાન પેજ નં.૧૬ નું ચાલુ**

કે તે પૂર્ણરૂપથી આપણી અંદર પ્રગટે છે. જ્યારે આ અવસ્થા આવી જાય છે ત્યારે આપણા આત્માને સીમાઓ રહેતી નથી. આપણે પોતાની ઈચ્છા અનુસાર ઉપરનાં મંડળોમાં જઈ શકીએ છીએ. તે મંડળોનાં રહસ્યો આપણાં પોતાનાં રહસ્યો બની જાય છે અને ત્યાંની શક્તિઓ આપણી શક્તિઓ બની જાય છે. આત્મા તે અસીમની સાથે એકાકાર થઈ જાય છે. બુંદ સાગરમાં મળી જઈને ખુદ સાગર બની જાય છે. દરેક આત્મા અહીં સ્થૂળ પડદાઓમાં છુપાયેલો છે, પરંતુ એનામાં સર્વશક્તિમાન પરમાત્મા બનવાનું સામર્થ્ય છે.

હજૂર મહારાજજી બોલ્યા, 'તમે એવા લોકોને ઈશ્વરના પુત્ર કહી શકો છો, 'ખલીલે-અલ્લા' (ઈશ્વરનો મિત્ર) કહી શકો છો જેવી રીતે ઈબ્રાહીમને કહેવામાં આવે છે, અથવા 'રસૂલે અલ્લા' (પ્રભુના દૂત) કહી શકો છો, જેવી રીતે મહંમદ પયગંબર સાહેબને માટે કહેવાય છે, અથવા સાક્ષાત્ ઈશ્વર કહી શકો છો, જેવી રીતે રામ અને કૃષ્ણને માટે કહેવાય છે. તેઓ લોકરક્ષક, ઉદ્ધાર કરનાર અથવા મધ્યસ્થીના રૂપમાં આવે છે, અથવા પરમાત્મા દ્વારા મોકલવામાં આવે છે. તેઓ પરમાત્માના રૂપમાં મનુષ્ય અથવા મનુષ્યના રૂપમાં પરમાત્મા હોય છે, જેઓ સંસારને દયાનો સંદેશો આપવા તથા પ્રકાશ અને નવજીવન પ્રદાન કરવા આવે છે. તેઓ પરમાત્માના મેળાપનો માર્ગ બતલાવે છે અને પરમાત્માના રાજ્યમાં જવાનું દ્વાર ખોલે છે.

'સંત સમાગમ', પૃ. ૧૦૯ થી ૧૧૮ (સંકલન) ❏

# (૧૦) વાણીનો વ્યય, અપવ્યય અને દુર્વ્યય

દાદા ભગવાન

**પ્રશ્નકર્તા :** મારી જીભ ઉપર કાબૂ થાય એવું કરોને ! કારણ કે હું વધારે બોલું છું.

**દાદાશ્રી :** તે હુંય આખો દિવસ બોલ બોલ જ કરું છું. કોઈને દુઃખદાયી થઈ પડે એવું કોઈ વાક્ય તમારા બોલવામાં ન હોય ત્યાં સુધી બોલવાનું ખરાબ ન કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ આ શબ્દોથી બહુ ઝઘડા થાય છે.

**દાદાશ્રી :** શબ્દોથી તો જગત ઊભું થયું છે. જ્યારે શબ્દ બંધ થઈ જશે ત્યારે જગત બંધ થઈ જશે. આ દુનિયામાં જે લડાઈઓ થયેલી છે તે બધી શબ્દથી થયેલી છે. શબ્દો મીઠા જોઈએ, અને જો શબ્દો મીઠા ન હોય તો બોલશો નહિ. આપણી જોડે વઢેલા હોય તેની જોડેય આપણે મીઠું બોલીએને તો બીજે દહાડે પાછા એક થઈ જાય. શબ્દની જ અસર છે જગતમાં. છાતીએ ઘા લાગે, તે સો સો અવતાર સુધી ના જાય. જગત શબ્દની અસરથી જ ઊભું થયું છે.

કેટલીક બહેનો મને કહે છે કે મારા ધણીએ મને કહ્યું હતું, તે મારી છાતીએ ઘા લાગ્યો છે તે પચીસ વર્ષેય ભુલાતું નથી. ત્યારે વાણીથી કેવો પથરો માર્યો હશે ! તે ઘા ફરીથી રૂઝાતા નથી. તેવા ઘા ના મારવા જોઈએ. આપણા લોકો ઘરમાં લાકડીઓ કે ધોકો મારતા નથી. નીચી નાતમાં લાકડીથી ને હાથથી માર માર કરે. ઊંચી નાતમાં વચનબાણ જ માર માર કરે.

આપણે શબ્દ કોઈને બોલીએ અને એને ખરાબ લાગે તો એ શબ્દ અપશબ્દ કહેવાય. સારા શબ્દો અમથા અમથાય બોલીએ તે હિતકારી છે, પણ ખોટા શબ્દો અમથા અમથા બોલાય તો તે અહિતકારી છે. બીજાને કહીએ અને એને દુઃખ થાય એ બધાય અપશબ્દ કહેવાય.

કોઈને કડક શબ્દો કહ્યા તો એનું ફળ કેટલાય વખત સુધી તમને એના સ્પંદન વાગ્યા કરશે. એક પણ અપશબ્દ આપણા મોઢે ના હોવો જોઈએ. સુશબ્દ હોવો જોઈએ અને અવળો શબ્દ નીકળ્યો એટલે પોતાની મહીં ભાવહિંસા થઈ ગઈ, એ આત્મહિંસા ગણાય છે.

આ શબ્દો જે નીકળે છે ને એ શબ્દોમાં બે જાત. સારા શબ્દો નીરોગી બનાવે અને ખરાબ શબ્દો શરીરને રોગિષ્ઠ કરે. 'તારામાં અક્કલ નથી' એમ તમે પત્નીને કહ્યું તો એ શબ્દ સામાને દુઃખદાયી છે અને પોતાને રોગ ઉત્પન્ન કરનાર છે. ત્યારે પેલી કહે કે તમારામાંય ક્યાં બરકત છે ! તો બેઉને રોગ ઊભા થાય.

એક બહેનને તો મેં પૂછ્યું કે ધણી જોડે માથાફોડ કે વઢવાડ થાય છે કે ? કકળાટ થાય છે કે ? ત્યારે એ કહે કે ના કોઈ દહાડો નહિ. એટલે મેં કહ્યું કે વર્ષ દહાડામાં કકળાટ જ નહિ ? ત્યારે એ કહે છે કે ના. હું તો આ સાંભળીને અજાયબ થઈ ગયો કે હિંદુસ્તાનમાં આવાં ઘર છે ! પણ એ બહેન એવી હતી એટલે પછી મેં આગળ પૂછ્યું કે કંઈક તો થાય. ધણી છે એટલે કંઈક થયા વગર ના રહે. ત્યારે એ કહે છે કે ના, કોઈક દહાડો ટોણો મારે. ત્યારે મેં કહ્યું કે ટોણો મારે ત્યારે તમે શું કરો ? એટલે એ બહેન કહે છે કે હું કહું કે 'તમે ને હું કર્મના ઉદયે આપણે ભેગાં થયાં, કર્મના ઉદયે લગ્ન થયું. તમારાં કર્મ, તમારે ભોગવવાનાં અને મારાં કર્મ મારે ભોગવવાનાં' મેં કહ્યું, ધન્ય છે બહેન, અમારા હિંદુસ્તાનમાં આવી આર્ય સ્ત્રીઓ હજુ છે. એને સતી કહેવાય.

આ બધા ભેગા શેને લીધે થાય ? આપણને ના ગમતું હોય તોય જોડે શાથી પડી રહેવું પડે ? એ કર્મ કરાવડાવે છે !

**પ્રશ્ન કર્તા :** વાણીનો અપવ્યય અને દુર્વ્યય સમજાવશો.

**દાદાશ્રી :** અપવ્યય એટલે ઊંધી વાણી વાપરવી અને દુર્વ્યય એટલે વ્યય નહિ કરવા જેવી જગ્યાએ વ્યય કરે. વગર કામનો ભસભસ કરે એ દુર્વ્યય કહેવાય. જ્યાં જે વાણી હોવી જોઈએ ત્યાં બીજી જ વાણી બોલવી એ અપવ્યય કહેવાય. જ્યાં જે ફીટ (બંધ બેસતું) થતું હોય, તે જ્ઞાન નહિ બોલવાનું ને બીજી રીતે બોલવાનું એ અપવ્યય જૂઠું બોલે, પ્રપંચ કરે એ બધો વાણીનો અપવ્યય કહેવાય. વાણીના દુર્વ્યય અને અપવ્યયમાં બહુ ફેર છે. અપવ્યય એટલે બધી જ રીતે નાલાયક, બધી રીતે દુરુપયોગ કરે. વકીલો બે રૂપિયા માટે જૂઠું બોલે કે 'હા, હું આને ઓળખું છું' તે અપવ્યય કહેવાય.

આપણી ટીકા કરવાનો લોકોને અધિકાર છે. આપણને કોઈની ટીકા કરવાનો અધિકાર નથી. તો નિંદા અને ટીકામાં શો ફેર ? ટીકા એટલે એના પ્રત્યક્ષ દેખાતા દોષો તે ઓપન (ખુલ્લા) કરવા, અને નિંદા એટલે દેખાતા ના દેખાતા બધું ગા ગા કરે. એનું અવળું જ બોલ બોલ કરવું એનું નામ નિંદા. કોઈની સહેજ પણ ટીકા કરવા જતાં કેવળ જ્ઞાનને બાધક છે, અરે આત્મજ્ઞાનનેય બાધક છે. સમક્તિનેય બાધક છે. એટલે કોઈની નિંદામાં ના પડવું. કમાણી ના કરાય, કીર્તન ના કરાય તો વાંધો નહિ, પણ નિંદામાં ના પડશો. એમાં તો બહુ જબરજસ્ત નુકસાન છે. એમાંથી ભયંકર દોષ બેસી જાય. એમાંય અહીં સત્સંગમાં પરમહંસની સભામાં તો કોઈનીય સહેજ પણ અવળી વાતચીત ના કરાય. એક જરીક અવળી કલ્પનાથી જ્ઞાન ઉપર કેવું મોટું આવરણ આવી જાય છે. તો પછી આ 'મહાત્માઓ'ની ટીકા, સત્સંગમાં તો દૂધમાં સાકર ભળી જાય તેમ ભળી જવું જોઈએ. આ બુદ્ધિ જ મહીં ડખો કરે. અમે બધાંનું બધું જાણીએ છતાંય કોઈનું એક અક્ષરેય ના બોલીએ.

આપણાં કોઈ સગાંવહાલાં મરી ગયેલાં હોય અને તેની નિંદા કરતા હોય, તો આપણે વચ્ચે નહિ ભળવું. વચ્ચે ભળ્યા હોય તો આપણે પસ્તાવો કરવો કે આવું ન થવું જોઈએ. કોઈ મરી ગયેલા માણસની નિંદા એ ભયંકર ગુનો છે. એમાં બહુ મોટું જોખમ છે. એક શબ્દ કડવો ન બોલાય. કડવા શબ્દો બોલવાથી તો બધાં બહુ તોફાન જાગ્યાં છે. 'આંધળાના આંધળા' આ શબ્દે તો આખું મહાભારત ઊભું થયું. દ્રૌપદીએ કહ્યું હતુંને ? ટકોર મારી હતીને ? હંમેશાં એક શબ્દ કડવો બોલેલો ફળ મળ્યા વગર રહે કે ? સામો કઠોર બોલે તો આપણે મૃદુ બોલવું જોઈએ, કારણ કે આપણે છૂટવું છે !

હંમેશા પૉઝિટિવ (હકારાત્મક) બોલો. મહીં આત્મા છે, આત્માની હાજરી છે. મને છે તે વર્ષોનાં વર્ષો ગયાં, એક સહેજેય નેગેટિવ (નકારાત્મક) થયું નથી. આ નેગેટિવ શબ્દો બધા જે છે તમારા, એ બોલવાના બંધ થશે એટલે તમારી વાણી મીઠી થશે, કારણ કે દરેક શબ્દ એના ગુણ પર્યાય સહિત હોય છે.

બોલ એ તો લક્ષ્મી છે. તેને તો ગણી ગણીને આપવા જોઈએ. લક્ષ્મી કોઈ ગણ્યા વગર આપે છે ? આ બોલ એક એવી વસ્તુ છે કે એ જો સચવાઈ ગયો તો બધા જ મહાવ્રત આવી જાય. કોઈને સહેજેય તરછોડ ના વાગે એવું આપણું જીવન હોવું જોઈએ.

તરછોડને ઓળખોને ? તરછોડ વાગી ગયાં પછી પ્રતિક્રમણ કરવાનાં. અને બીજું, ફરી પાછાં એની જોડે સારું બોલી અને ફેરવી નાખવાનું. અમને પાછલા અવતારોનું મહીં દેખાય છે ત્યારે અજાયબી લાગે છે ! તેથી મજૂરોનેય તરછોડ ના વાગે એ રીતે વર્તીએ. તરછોડ બદલો લીધા વગર રહે નહિ.

તરછોડ માટે પ્રતિક્રમણ કર કર કરવાં. જ્યાં સુધી સામાનું મન પાછું ના ફરે ત્યાં સુધી કરવાં અને પ્રત્યક્ષ ભેગા થાય તો ફરી પાછું મીઠું બોલીને ક્ષમા માગવી કે, 'ભઈ, મારી તો બહુ ભૂલ થઈ. હું તો મૂરખ છું, અક્કલ વગરનો છું, એટલે સામાવાળાના ઘા રૂઝાતા જાય.

(અનુસંધાન પેજ નં.૨૫ ઉપર)

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી લતાબહેન નરેન્દ્રભાઈ પટેલ | અમેરિકા | ૧૨,૫૦૦/- |
| ૨. | રમેશભાઈ એમ. તમાકુવાળા | ન્યુ દિલ્લી | ૧૧,૧૧૧/- |
| ૩. | રમેશભાઈ વી. પટેલ | અમદાવાદ | ૫,૦૦૧/- |
| ૪. | હર્ષદરાય એન. માવાણી | રાજકોટ | ૫,૦૦૦/- |
| ૫. | ગૌરાંગ મરચન્ટ | અમેરિકા | ૨,૦૩૭/- |
| ૬. | રામચંદ્ર એન. મકવાણા | સુરત | ૨,૧૦૦/- |
| ૭. | રાજેન્દ્રભાઈ રામકૃષ્ણભાઈ શુક્લ તા.૨૩-૯- જન્મદિન નિમિત્તે | વડોદરા | ૧,૦૦૧/- |
| ૮. | વાસુદેવભાઈ અમૃતલાલ મોદી | ઊંઝા | ૧,૦૦૦/- |
| ૯. | સ્વ. રંજનદેવી દેવેન્દ્રસિંદ સોલંકીના સ્મરણાર્થે હસ્તે દેવેન્દ્રસિંહ ભૈરવસિંહ સોલંકી | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૦. | પ્રતાપભાઈ એલ. વ્યાસ | રાજકોટ | ૫૦૧/- |
| ૧૧. | દમયંતીબહેન બાબુભાઈ બોડાવાળા | સુરત | ૫૦૧/- |
| ૧૨. | ચંદ્રિકાબહેન એમ. ગાંધી | સુરત | ૫૦૧/- |
| ૧૩. | ચંપાબહેન રણજિતલાલ પોસ્ટીવાલા | સુરત | ૫૦૧/- |
| ૧૪. | જયંતીભાઈ નરોત્તમભાઈ પટેલ | સુરત | ૫૦૧/- |
| ૧૫. | એ. આર. કાપડિયા | મુંબઈ | ૫૦૦/- |
| ૧૬. | મહેન્દ્રભાઈ ગટુભાઈ મોદી | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૭. | ગુણવંતભાઈ ભૂંગળિયા | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૮. | માર્કન્ડભાઈ એન. રાવલ | નાંદોલ | ૨૫૧/- |
| ૧૯. | મયૂરભાઈ હસમુખભાઈ દવે | પેટલાદ | ૨૦૧/- |
| ૨૦. | હંસાબહેન મનહરભાઈ પટેલ | લવાછા | ૧૫૧/- |
| ૨૧. | મનહરભાઈ પ્રભુભાઈ પટેલ | લવાછા | ૧૫૧/- |

આ સર્વેના અમે આભારી છીએ.

## (૧૧) આપણે લક્ષ્મીને સાચવીએ છીએ, પણ 'જીવન'ને વેડફીએ છીએ

શ્રીમોટા

આ જીવન આપણને પ્રભુને પામવા માટે મળ્યું છે. આપણી પાસે બે-ચાર હજાર રૂપિયા હોય તો આપણે વેડફી દેતા નથી. આ જીવન તો રૂપિયાથીયે વિશેષ ખપમાં લાગે તેવું છે.

આ મનુષ્યનું જીવન તો લક્ષ્મી કરતાં પણ મોંઘું છે. આ જીવન છે તો આપણે લક્ષ્મી મેળવી શકીએ છીએ, નહિ તો નહિ. જીવન વડે જ સંસારમાં જે તે કરી શકીએ. આ શરીરમાં જીવ ન હોય તો તેની કોઈ કિંમત નહિ. લોકો કહેશે - કાઢો, કાઢો એને બાળી મૂકો. એટલે આ 'જીવન' છે તો બધું જ છે. આવું તો કોઈ વિચારતું નથી. છતાં આપણે આપણી જાતને બુદ્ધિશાળી સમજીએ છીએ. જેના વડે જીવન છે તેની આપણને ગરજ નથી.

આપણે માંદા પડીએ તો દવા કરીએ છીએ. એ શરીરને માટે જીવન માટે નહિ. જીવન વિશે આપણે બિલકુલ વિચારતાં નથી. આ જીવન બહુ મોંઘામૂલું છે. આ મનુષ્યરૂપી ધનને તમે એળે ના વેડફી નાખો તો સારું, પણ નવ્વાણું ટકા જીવન એળે જ જાય છે.

મારા ગુરુમહારાજે મને કહ્યું હતું કે 'તારા બધાં જ સ્વજનો તને એની મેળે જ મળશે.' એટલે જ હું કોઈ સાથે સંબંધ બાંધવા જતો નથી. તો આ જે જીવન મળ્યું છે તેના વિશે વિચારો.

બે ભાગ હાઈડ્રોજન અને એક ભાગ ઑક્સિજન મળીને પાણી બને છે. એ વિજ્ઞાને પુરવાર કર્યું છે. એવી જ રીતે **આપણા જીવનમાં ભગવાનનું નામ ભળવાથી આપણું જીવન ઉત્તમ બને છે.** ઋષિમુનિઓ અને ભક્તોએ પ્રયોગ કરીને આ બધું કહ્યું છે. આધ્યાત્મિક વિજ્ઞાનમાં આ બધું પુરવાર થયું છે. એ લોકો ભગવાનનું નામ લઈને જ ઉચ્ચ કોટિએ પહોંચ્યા હતા.

મારી વાત તો તમને બણગા લાગશે પણ ઈતિહાસ સાક્ષી છે. આ જીવન વિશે ન સમજાય તોપણ ભગવાનનું સ્મરણ કરવાથી જીવન વિશે વિચાર કરતાં થઈશું. આપણે બીમાર પડીએ ને જેવી રીતે દવાનો ઉપયોગ કરીએ છીએ તેવી જ રીતે આ સંસારમાં આધિ, વ્યાધિ, ઉપાધિ, તાપ, શોક, ક્લેશ, સંતાપ, ફિકર, ચિંતા, સંઘર્ષો વગેરે આવે ત્યારે ભગવાનના સ્મરણનો ઉપયોગ કરો. માત્ર પાંચ માળાથી કશું નહિ મળે. આ બધું અનુભવે સમજાય.

દિવસના ચોવીસ કલાકમાંથી ઓછામાં ઓછા પાંચ-સાત કલાક નામસ્મરણ થાય તો સારું. સાચી રામબાણ દવા તો ભગવાનનું નામ છે. તમે તે અનુભવી તો જુઓ. આપણને ખપનું છે. તમે પ્રયોગ કરી તો જુઓ. સ્મરણ, પ્રાર્થના કરી તો જુઓ. પાંચ-છ કલાક તમારાથી નહિ થાય તોપણ તમે સ્મરણ કરશો તો તે તમને ઉચ્ચ ગતિમાં લઈ જશે. બીજા કોઈ યોનિમાં ચેતનને અનુભવી શકાય નહિ. જળચર, સ્થળચર વગેરે જે તે યોનિઓમાં મનુષ્યયોનિ જ શ્રેષ્ઠ છે. દેવોને પણ મનુષ્યયોનિમાં આવવું પડે છે. મનુષ્ય દેહ બહુ દોહ્યલો છે.

મારો સ્વાર્થ આશ્રમમાં નહિ પણ તમારામાં છે. તમને સૌને મારામાં આસક્તિ થાય, રાગ થાય, મોહ થઈ જાય એટલા માટે જ મેં આશ્રમો શરૂ કર્યા છે. તો ચાલો આપણે એકબીજાના ખપમાં લાગીએ.

'સ્વજનોને સંબોધન', પ્ર.આ., પૃ. ૭૨ ❑

## (૧૨) શ્રીશંકરાચાર્યનાં માતાના અગ્નિ સંસ્કાર

જ્યોતિ થાનકી

શ્રીશંકરાચાર્યને તેમની માતાએ જ્યારે સંન્યાસની રજા આપેલી ત્યારે એક અંતિમ ઇચ્છા વ્યક્ત કરેલી કે પોતાના અંતિમ સમયે તેઓ હાજર રહે અને અગ્નિસંસ્કાર તેમના હાથે થાય. જેનો શ્રીશંકરાચાર્યે સ્વીકાર કર્યો હતો.

એક દિવસ શંકરાચાર્ય પોતાના કાર્યમાં લીન હતા ત્યાં એકાએક તેમને માતાનું સ્મરણ થયું. પોતાના અંતરમાં એકાગ્રતા કરી જોતાં તેમને જણાયું કે માનો હવે અંતકાળ સમીપ છે અને પુત્રને ઝંખી રહ્યાં છે. એટલે શંકરે સઘળું કામ આટોપી લઈ જે તે કાર્યોની જવાબદારી શિષ્યોને સોંપી દીધી. ગુરુદેવે જ્યારે ઉતાવળની સ્પષ્ટતા કરી ત્યારે જ શિષ્યોને ખ્યાલ આવ્યો કે એમના મહાન બ્રહ્મજ્ઞાની ગુરુના અંતરનો એક તંતુ જનેતા સાથે સદાય જોડાયેલો જ હતો.

માતા અંતરમાં પોતના પુત્રનું ધ્યાન કરી રહ્યાં હતાં તે સમયે તેમની ઝૂંપડીમાં એક ભગવાધારી સંન્યાસી આવીને ઊભા હતા તેનો તેમને ખ્યાલ પણ આવી શક્યો ન હતો.

'મા, હું તમારો શંકર. તમારી આજ્ઞા થતાં જ આવી ગયો છું. આંખો ખોલો.'

માતાનો વૃદ્ધાવસ્થાથી અને રોગથી ઘેરાયેલો દેહ ફાટેલી ગોદડી ઉપર પડેલો જોઈને શંકરનું હૃદય વેદનાથી ભરાઈ ગયું. માતાએ પરાણે આંખો ખોલી તો દિવ્ય તેજવાળો સંન્યાસી શંકર પોતાની સામે બે હાથ જોડી ઊભો હતો. દીકરાને જોતાં જ કૃશ દેહમાં શક્તિનો સંચાર થયો. 'બેટા, શંકર તું આવી પહોંચ્યો ? તેં તારું વચન પાળ્યું તેથી મને ખૂબ સંતોષ થયો છે.' માતાની અંતિમ ઇચ્છા પૂર્ણ કરવા માટે ભગવાનનાં સાકાર સ્વરૂપનાં તેને દર્શન કરાવ્યાં અને શ્રીકૃષ્ણ સ્તવન-સ્તુતિગાન સંભળાવ્યાં. પોતાનું જીવન ધન્ય કરી પુત્રની હાજરીમાં જ તેઓ મહાપ્રયાણ કરી ગયાં. માતાને આપેલા વચન પ્રમાણે શંકરે જાતે જ અગ્નિદાહ આપવાનો હતો.

ગામમાં રહેલા જ્ઞાતિજનો ત્યાં એકત્ર થયા અને સમાજની રીતે અગ્નિસંસ્કારની તૈયારીઓ કરવા લાગ્યા ત્યારે સંન્યાસી શંકરે સ્પષ્ટતા કરી કે 'મેં માને વચન આપ્યું હતું એટલે તેમનો અગ્નિસંસ્કાર તો હું મારા હાથે જ કરીશ. તમો સૌ મને આ ધર્મકાર્યમાં મદદ કરો.'

જ્ઞાતિજનો આ સાંભળી બોલી ઊઠ્યા કે સંન્યાસીથી તેમના પૂર્વાશ્રમના કોઈ સગાંનો અગ્નિસંસ્કાર થઈ શકે નહિ એવું શાસ્ત્રવચન છે. તેના ઉલ્લંઘનને તમે ધર્મકાર્ય કહો છો !'

'હા, તે શાસ્ત્રવચન હું જાણું છું, પણ મારી માતાનો અગ્નિસંસ્કાર તો હું જ કરીશ.' શંકરાચાર્ય મક્કમ છતાં નમ્ર વાણીથી બોલ્યા. આ સાંભળી જ્ઞાતિજનો રોષે ભરાયા. એ પાપકાર્યમાં સહકાર નહિ આપવાની અને કોઈ કાળે આવું નહિ થવા દેવાની ધમકી આપવા લાગ્યા. શાસ્ત્રોના આધારો ટાંકીને જ્ઞાતિજનો શંકરાચાર્યને અગ્નિસંસ્કાર કરવાના કાર્યમાં અટકાવી રહ્યા હતા, પણ પોતે વાદવિવાદ કે તર્ક કરવા આવ્યા નથી અને માત્ર મૃત માતાના દેહને અગ્નિદાહ આપવાનું વચનપાલન કરી રહ્યા છે તેમ જણાવી શંકર જ્ઞાતિજનોનો સહકાર માગી રહ્યા હતા.

જ્ઞાતિજનો એમના નિર્ધારમાં દૃઢ હતા. ધર્મની

જડ માન્યતાઓએ તેમની વિવેકબુદ્ધિ હરી લીધી હતી. બીજી તરફ એકલા અટૂલા શંકર પણ પોતાના વચનપાલન માટે અડગ હતા.

'ગમે તે થાય. મારી માતાનો અગ્નિસંસ્કાર તો હું મારા હાથે જ કરીશ. તમે મદદ કરો તો ઉત્તમ છે, નહિતર એ પુણ્યકાર્ય હું એકલો કરીશ.'

'તો પછી અમેય જોઈએ છીએ કે તમે અગ્નિસંસ્કાર કેવી રીતે કરો છો ? અગ્નિસંસ્કાર કરવા માટે આખા ગામમાંથી કોઈ તમને અગ્નિ આપશે નહિ.' એક જ્ઞાતિજને-આગેવાને સ્પષ્ટતાથી કહી દીધું.

સમગ્ર ભારતવર્ષને પોતાની જ્ઞાનશક્તિથી પ્રકાશિત કરનાર શંકરાચાર્ય અત્યારે માતાના મૃતદેહ પાસે બે હાથ જોડી નતમસ્તકે એકલા ઊભા હતા. થોડીવાર પછી એમણે એકલા હાથે પોતાના ઘરના આંગણામાં માતાની ચિતા તૈયાર કરી. માતાના શરીરને પોતાના સમર્થ બાહુઓમાં પ્રેમથી ઊંચક્યું અને હળવે હાથે એ શરીરને ચિતા ઉપર પોઢાડ્યું.

જ્ઞાતિજનો દૂર ઊભા રહીને આ કાર્યને તમાશા સ્વરૂપે જોઈ રહ્યા હતા. તેઓના મનમાં હતું કે હવે જ ખરો તાલ થશે. અગ્નિ વગર ચિતા કેમ પ્રગટશે ? એટલે આખરે તો શંકરે તેમના શરણે આવવું જ પડશે, પણ એમની માન્યતા ખોટી પડી. માતાના શરીરને પંચમહાભૂતમાં લીન કરવા અગ્નિદેવને સ્તુતિ કરી. માતાના અંગૂઠામાં અગ્નિદેવનું આહ્‌વાન કર્યું અને ત્યાં તો અગ્નિદેવ પ્રગટ્યા. જોતજોતામાં અગ્નિની પ્રચંડ જ્વાળાઓ માતાના દેહને વીંટળાઈ વળી. ચિતાની પ્રદક્ષિણા કરતાં કરતાં ચિતાને વંદન કરતાં કરતાં શંકરે માતાને સ્તુતિ કરી :

'હે મા, પ્રસૂતિ સમયની અસહ્ય વેદનાને હું બાજુ ઉપર મૂકું, જન્મ્યા પછી એક વર્ષ સુધી મળમૂત્રવાળી શય્યા ભોગવીને તેં તારું શરીર સૂકવી નાખ્યું તે વાત પણ લક્ષમાં ન લઉં, પણ જન્મ પહેલાં તેં મારા આ સ્થૂળ દેહનો ભાર વહન કરી જે કષ્ટ વેઠ્યું, તારા એટલા એક જ ઉપકારનો બદલો વાળવા બ્રહ્મવિદ થયો હોવા છતાં હું સમર્થ નથી. આવી માતાને અગ્નિસંસ્કાર સમયે મારા નમસ્કાર હો.'

ધીમે ધીમે અગ્નિદેવે પોતાનું કાર્ય પૂરું કર્યું અને માતાની અંતિમ ઇચ્છાને પૂરી કર્યાનો સંતોષ લઈ શંકરાચાર્ય ત્યાંથી ચાલી નીકળ્યા.

'કેમ ભૂલું હું જનની તુજને ?', પ્ર. આ., પૃ. ૨૮ ❑

---

**(અનુસંધાન પેજ નં.૨૨નું ચાલુ)**

આપણે આપણી જાતને વગોવીએ એટલે સામાને સારું લાગે, ત્યારે એના ઘા રૂઝાય.'

આ ટેપરેકર્ડને ટ્રાન્સમીટર એવાં એવાં કેટલાંય સાધનો અત્યારે થયાં છે. તે મોટા મોટા માણસોને ભય લાગ્યા જ કરે કે કોઈ કંઈ ઉતારી લેશે તો ? હવે આમાં આ ટેપમશીનમાં તો શબ્દો ટેપ થયા એટલું જ છે. પણ આ મનુષ્યનું બૉડી (શરીર)-મન બધું જ ટેપ થાય એવું છે. એનો લોકો જરાય ભય રાખતા નથી. જો સામો ઊંઘમાં હોય ને તમે કહો કે 'આ નાલાયક છે' તો તે પેલાને મહીં ટેપ થઈ ગયું. એ પછી પેલાને ફળ આપે. એટલે ઊંઘતાનું કારણ કે બધું ટેપ થઈ જાય, એવી આ મશીનરી છે. બોલવું હોય તો સારું બોલજો, સારો ભાવ રાખજો તો એનું ફળ તમને સુખ મળશે. પણ ઊંધું સહેજ પણ બોલ્યા, અંધારામાં પણ બોલ્યા કે એકલા બોલ્યા, તો એનું ફળ કડવું ઝેર જેવું આવશે.

'વાણી વ્યવહારમાં', પ્ર. આ., પૃ. ૨ થી ૧૮(સંકલન) ❑

## (૧૩) આપણને ભગવાનની સભાનતા રહેતી નથી

શ્રીમોટા

વા-હવા સર્વત્ર પ્રસરેલી છે. એ હવા મેળવવા માટે આપણે કંઈ પ્રયત્ન કરવો પડતો નથી. એ જો ના હોય તો પળવાર પણ આપણે જીવી ના શકીએ. એ એટલી બધી મહત્ત્વવાળી ચીજ છે. કરોડોગણો પુરુષાર્થ કરો તોપણ તમે તે મેળવી ના શકો. એવી ચીજ તમને મળેલી છે, તેમ છતાં તેનું મૂલ્યાંકન જીવથી થતું નથી.

આકાશ, અગ્નિ, તેજ, વા એ બધાં છે કે જે જીવવા માટે અનિવાર્ય છે. એટલા બધાં અનિવાર્ય કે લક્ષ્મી કરતાં પણ વિશેષ. અનાજ કરતાં પણ વિશેષ. અનાજ વિના ચાર-પાંચ-દસ દિવસ કાઢી નંખાય, પણ હવા વગર નહિ જીવી શકો. તેજ વિના નહિ જીવી શકો.

આ બધી વસ્તુઓ આપણને આ જ રીતે મળી હોવાથી એનું મૂલ્યાંકન કે મહત્ત્વ આપણે આંકી શકતાં નથી. તેવી રીતે આ ચેતન છે. એના કરતાં પણ સહજ છે અને સર્વત્ર છે. આપણા અણુએ અણુમાં પ્રગટી ગયેલું છે. પણ જેમ તેજ, હવા, જળ, રસ એ બધાનું અસ્તિત્વ હોવા છતાં અને આપણે જેના વડે કરીને જીવી શકીએ છીએ એ ના હોય તો જીવી ના શકીએ. એ પણ આપણી બુદ્ધિ સ્વીકારે છે. તેમ છતાં તેના મહત્ત્વની સભાનતા આપણામાં નથી.

ઉપરની વિગતો જેમ હકીકત છે તેવી રીતે ભગવાનનું છે. આવો ભગવાન છે અને આપણને એની સભાનતા-અવેરનેસ-કેમ નથી રહેતી ? અરે, વા જેવાની હવા જેવાની નથી રહેતી, તેજ જેવાની નથી રહેતી- તો ભગવાનની કેવી રીતે રહે ? આ તો તમારા રોજબરોજમાં પળેપળ ઉપયોગમાં આવે છે. જેના વગર તમે જીવી ના શકો. આટલી બધી જે મહત્ત્વની વસ્તુ છે, તેની પણ તમને સભાનતા નથી તો ભગવાનની તો હોય જ ક્યાંથી ?

મને દમ ચઢે છે ત્યારે શ્વાસની રિબામણ થાય. ગભરામણ થાય. ત્યારે પેલા વાની-હવાની કિંમત સમજાય. ત્યારે અછતપણાની કિંમત સમજાય છે. છતમાં નહિ સમજાય. અછતમાં સમજાશે. મેં એક બહેનને લખ્યું છે - એમના હસબન્ડ-પતિ ગુજરી ગયા ત્યારે તે દુઃખને આશીર્વાદ ગણજે, કેમ કે વિકાસની શક્યતા દુઃખમાં છે. સ્ટ્રગલમાં છે. સંગ્રામમાં છે - સુખમાં નથી.

આ વાતનો ખ્યાલ બધાને નહિ આવે. બહુ ઓછા લોકો સમજે છે કે દુઃખમાં, મુશ્કેલીઓમાં, આપત્તિઓમાં, ગૂંચોમાં, સંઘર્ષણોમાં જેટલો માણસ જાગ્રત રહે તેટલો તેનો વિકાસ થાય, પણ એ બધું જાગૃતિ પર આધાર છે.

દુઃખમાં માણસ જડ રીતે દબાઈ જાય તો નકામું. દુઃખ કોઈ પણ માણસને જગાડવા માટે છે. એમાં જાગીને પુરુષાર્થ કરે છે. ઉપર આવવાનો એનો વેગ કંઈ ઓર હોય છે. મેં 'દુઃખ' પર ૧૯૪૨માં લખેલું છે.

'જન્મ પુનર્જન્મ', પ્ર.આ.,પૃ.૭૫ ❑



## કુંડલિની અંગે

તમારા કામક્રોધાદિક, રાગદ્વેષાદિક જ્યાં સુધી મોળા પડ્યા નથી, ત્યાં સુધી કુંડલિનીને તમે ઉઠાવવાનું કરો તો ભયંકર અધોપાત નોતરવા જેવું છે.

ભગવાનની ભક્તિમાં એકરસ થઈ જાવ ત્યારે કુંડલિની આપમેળે જાગૃત થાય છે.

- શ્રીમોટા

'શ્રીમોટાવાણી-૮', પ્ર. આ., પૃ. ૨૮

**HARIBHAV, NOVEMBER - 2016**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



## અનુભવી પુરુષ સાથે મહોબત કરો.

અનુભવી પુરુષ સહજમેળે મળી જાય તો એને ઓળખવાની - એને સમજવાની - વાત મૂકી દો. એ આપણા ગજા બહારની વાત છે.
એવા લોકો સાથે મહોબત કરો, એને પ્યાર કરો, એનું કામ કરો, એના ખપમાં લાગો એ સાચી વાત છે, પણ સમાજને ભગવાનની પડી નથી એને તો માત્ર સ્વાર્થની પડી છે.

- શ્રીમોટા

'શ્રીમોટાવાણી-૧૦', પ્ર. આ., પૃ. ૩૦

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com